॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥




સત્યં વદ



ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર


## સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજ - વેદાન્તાચાર્ય

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ આસો, ઓક્ટોબર - ૨૦૨૪ અંક - ૧૦




**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૪૬ / ઓક્ટોબર – ૨૦૨૪ / અંક–૧૦


## અનુક્રમણિકા


**૦૪** શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

**૦૮** ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ચમારડી
ધ્રુવી વિપુલભાઈ સોનાણી

**૧૦** વાણી અને પાણી
નરશીભાઈ વઘાસિયા

**૧૨** સુમેરુ - ૬૦ - ૬૧
કાળુભાઈ કોશિયા

**૧૩** સમુદ્ર-મંથન અને અમૃત વગેરેની પ્રાપ્તિ
મહાભારત

**૧૫** તો ઘર બનશે સ્વર્ગ
રમીલાબને ગો. ગાબાણી

**૧૭** ધર્મ
દીપ ભરતભાઈ ગાબાણી

**૧૮** શ્રી વામન જયંતી
પાયલબેન વઘાસીયા

**૧૯** જીવન કેવું હોવું જોઈએ?
પીનલ એચ. પટેલ

**૧૯** શ્રધ્ધાંજલિ

**૨૦** શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**૨૧** શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ - પ્રયાગરાજ

**૨૨** સત્સંગ સમાચાર




ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
**પાર્થ પ્રિન્ટ પોઈન્ટ, ૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ, માનગઢ ચોક, વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.**

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા**


## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧, કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦**



| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણાબેન એ. બેલડિયા
(વલ્લભીપુર)

## પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ

(ગતાંકથી ચાલુ)

અત્યારે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણું જીવન પ્રહ્લાદ જેવું સાત્ત્વિક બને. હિરણ્યકશિપુ જેવી આસુરી બુદ્ધિવાળા જીવો હંમેશા ડૂબે છે. તો આપણે આસુરી વૃત્તિ-ખરાબ વૃત્તિ જે ભક્તિના વિરોધી હોય; જે સારા જ્ઞાનના વિરોધી હોય એ બધા જીવો ડુબે છે. એટલે સારા કર્મ, સારું જ્ઞાન, સારી ભક્તિ જીવનમાં ઉતારીને આપણે બધા પાવન બનીએ. ભગવાન એમાં સાથ આપે હૃદયમાં રહેલા પરમાત્મા બધાને આનંદ પ્રદાન કરે. એવી પ્રભુને પ્રાર્થના કરીએ.



**પ્રિય સજ્જનો**

ભગવાનની કૃપાથી આપણને આ ભાગવત શ્રવણ કરવાનો લાભ મળી રહ્યો છે. ભાગવત શાસ્ત્ર એ માનવનું કલ્યાણ કરવાવાળું શાસ્ત્ર છે. જીવોનું હિત કરવા વાળું શાસ્ત્ર છે. વ્યાસ ભગવાનને આ ભાગવત દ્વારા જ પરમ શાંતિ થઈ. એટલા માટે આ ભાગવતને આપણે પ્રેમથી સાંભળીએ. હૃદયમાં ઊતારીએ જીવનને મંગળમય બનાવીએ. ભાગવતનાં પ્રથમ સ્કંધનું નામ છે અધિકાર લીલા. જેથી માનવોએ અધિકારી બનવું જોઈએ. યોગ્ય બનવું જોઈએ. સારો રસ સારા માણસ જ ગ્રહણ કરી શકે.

**''પામર પ્રભુ રસ તે શું પીએ? પીએ પ્રભુના રે જન (૨)**
**....પામર પ્રભુ રસ તે શું પીએ ?**
**ખર શું ખાઈ જાણે ખીરને, મલકે ઉકરડે મન (૨)**
**પાનના બીડાં શા પાડા ને? પાડો ભરખે પરાળ, (૨)**
**... પામર પ્રભુ રસ તે શું પીએ.''**

તો ચાર પ્રકારનાં માનવ હોય છે. 'એક પામર મનુષ્ય, બીજો વિષયી મનુષ્ય, ત્રીજો મુમુક્ષુ મનુષ્ય ને ચોથો મુક્ત મનુષ્ય.' તો જે સાવ પામર જીવો હોય તે ભગવાનનો રસ લઈ શકતા નથી. એટલા માટે ધીરે ધીરે પામરમાંથી પુણ્યશાળી થાય એ વિષયી માનવ થાય. જે પાપી હોય જે અધર્મી હોય તે પામર જીવો કહેવાય. જે સારું ખાઈ શકે નહીં સારું જીવી શકે નહીં એવા જીવોને શાસ્ત્રમાં પામર જીવો કહ્યા છે. પામર જીવો કેવળ હાડકાં-ચામડાંને સાચવે. ચામડાંનું જે સુખ લે એ પામર જીવો કહેવાય. પછી ધીરે-ધીરે પુણ્યશાળી બનીને વિષય જ્યારે ભોગવે ત્યારે વિષયી જીવો થયા કહેવાય. વિષયો એટલે સારાં કપડાં હોય, સારું મકાન હોય. સારી રીતે સંસારનું સુખ હોય, તો આ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધનું સુખ લેવાવાળા હોય એને વિષયીજીવો કહેવાય. તો વિષયી જીવો પણ પરમાત્માનો પુરો લાભ લઈ શકતા નથી. કેમકે વિષયો પણ જીવને ભગવાન ભુલાવે છે. જેમ-જેમ વિષયો આવે એમ જીવ ભગવાનને ભૂલતો જાય છે.

**"વિષય ભૂતે તે તુજને ભમાવિયો, તું તો બેઠો નહીં ઠરી ઠામ,**
**...અવસર આવો નહીં મળે.**
**ખોટા ખેલમાં શું રે ખૂંચી રહ્યો, ઊઠ આળસ મેલ અચેત,**
**... અવસર આવો નહીં મળે.**
**કાળ ખાશે તે કહેશે કહ્યું નહીં, નથી માનતો ગાફલ ગમાર,**
**...અવસર આવો નહીં મળે.**
**અંતે રંગ પતંગ જાશે ઊતરી, કાચી-કાયા નહી આવે કશે કામ,**

**...અવસર આવો નહીં મળે.**
**માટે સ્મરણ કર શુદ્ધ ભાવથી, ટળે તન મન કેરા વિકાર,**
**...અવસર આવો નહીં મળે.**
**ભજો પ્રીતમ બ્રહ્મસ્વરૂપને, જેનો મહિમા છે અગમ અપાર,**
**...અવસર આવો નહીં મળે.**

તો વિષયી જીવોપણ ભગવાનનો લાભ લઈ શકતા નથી. તો ત્રીજા જે મુમુક્ષુ હોય એને જન્મમરણના દુઃખોમાંથી છૂટવું હોય, ગર્ભમાં ફરી ફરીને આવવું ન હોય, કૂતરાં-કાગડાં થવું ન હોય એવી જેના હૃદયમાં ઈચ્છા થાય કે મારે વારંવાર સંસાર ચક્રમાં પડવું નથી. ઘાંચીના બળદની જેમ વારંવાર મારે ફરવું નથી. અનેક સંસારના ચક્રમાં ભટકી ભટકી ને થાક્યો છું. એવી સમજણ આવીને જેને મુક્ત થવાની ઈચ્છા થાય. ભગવાનનો લાભ લેવાની જેને ઈચ્છા થાય ત્યારે એ મુમુક્ષુ થયો કહેવાય. તો ખાસ કરીને મુમુક્ષુ જ આનો સાચો લાભ લઈ શકે. એટલા માટે ધર્મવાન-ભક્તિવાન-વૈરાગ્યવાન થઈ અને દ્રઢ મોક્ષની ઈચ્છા કરવી. પરીક્ષિત રાજાને નક્કી હતું કે સાતમે દિવસે કાળ આવવાનો છે. એમ આપણે પણ નક્કી કરવું કે સાત વારમાંથી એક વારે આ શરીર છૂટવાનું છે. તો મનુષ્યને વૈરાગ્ય હોય તો ભક્તિમાં મન લાગે. પરીક્ષિત રાજાને મરવાની ખબર પડી એટલે જ કથામાં મન લાગી ગયું. આપણને પણ જો મરવાનું યાદ આવે તો મન ભગવાનમાં લાગે.

યોગવાશિષ્ઠમાં દ્રષ્ટાંત આવે છે કે, પુનમની રાત્રિના અંજવાળામાં રાજાને રાણી બેઠા હતા. સારું ભોજન હતું. સુંદર વાતાવરણ હતું. એટલામાં બંનેને યાદ આવ્યું કે આપણા બેમાંથી કોણ પહેલા મરશે. રાજા કહે, 'હું મરું તો સારું.' રાણી કહે, 'હું મરું તો સારું મારે એકલા ન રહેવું પડે.' બંને એમ વિચાર કરતા ઋષિ પાસે ગયા અમારે ન મરવું હોય તો શું કરવું ? તો ઋષિએ કહ્યું, 'તમે આત્માને ઓળખી લ્યો તો અમર થઈ જશો.' નહિ તો શરીર તો મરવાના જ છે.' એમ આપણે પણ આપણો આત્મા ઓળખી લઈએ ભગવાનનું જ્ઞાન દ્રઢ કરી લઈએ. તો મરવાનું મટે, નહીંતો પછી મરવાનું તો છે જ. મૃત્યુથી ડરવાથી મૃત્યુ છોડતું નથી. પણ એવો પુરૂષાર્થ કરો કે ફરીને જન્મવું ન પડે. જન્મવું ન પડે તો પછી મરવું ન પડે. તો જન્મવાનું ક્યારે મટે ? જ્યારે આત્મા બનો ત્યારે. શરીર તો જન્મવાનું છે ને ફરી પાછું મરવાનું જ છે. તો મુમુક્ષુ હોય તે જ આનો સુંદર લાભ લઈ શકે. અને જે આ ભાગવત સાંભળે છે એ પછી મુક્ત પુરૂષ થઈ જાય છે. તો પામર જીવો, વિષયી જીવો ને મુમુક્ષુ જીવો ને પછી મુક્ત પુરૂષો. તો ધીરે ધીરે મુક્ત થવા માટે આ ભાગવત સપ્તાહ શ્રવણ કરીએ. ભાગવતના દ્વિતીય સ્કંધનું નામ છે જ્ઞાન લીલા, જેમાં વિષ્ણુ ભગવાને બ્રહ્માજીને દિવ્ય મંગળમય જ્ઞાન આપ્યું. એમાં બતાવ્યું કે આખું જગત બ્રહ્મમય છે. એમાં જે દેખાય તે માયા છે. એવું સદા રહે એવા પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરીને પરમાત્મામય થઈને સંસારનો વ્યવહાર કરો. બધો વ્યવહાર કરો પણ તમને રાગ-દ્વેષ, ઈર્ષા-અદેખાઈ અડે નહીં. જળમાં જેમ કમળ રહે એમ જગતમાં રહો.

**"જગમાં રહેવું તો એમ જળમાં કમળની જેમ**
**રૂડા રાખો નેમ રે મારા સૌને સચ્ચિદાનંદ."**

જળમાં જેમ કમળ રહે છે છતાં ભીંજાય નહીં પાણીનો સ્પર્શ થાય છે છતાં, એમ આપણો આત્મા જગતમાં બધે છે પણ એને કોઈ સ્પર્શ થતો નથી. એવું જ્ઞાન દ્રઢ કરવું. એવું દ્રઢ કરવાથી જીવો સર્વ દુઃખોથી છૂટી જાય છે. એટલા માટે અહીં ભાગવતકાર બતાવે છે કે મનુષ્યે શુદ્ધ બનવું જોઈએ. આપણે બીજા સ્કંધમાં એ જ્ઞાનલીલા શ્રવણ કરી ત્રીજા સ્કંધનું નામ સર્ગલીલા છે. આમાં સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ બતાવ્યો છે. ચોથા સ્કંધનું નામ છે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ વિસર્ગ લીલા. પંચમ સ્કંધનું નામ છે સ્થિતિ લીલા. એમાં

ઋષભ દેવનું જ્ઞાન આપણે શ્રવણ કર્યું. ઋષભ દેવે પુત્રોને કહ્યું, 'આ શરીર ભોગો માટે નથી તપ કરવા માટે છે. તેના દ્વારા તમને આનંદ બ્રહ્મનું સુખ પૂર્ણસુખ મળશે.' જે સુખ ખૂટે નહીં , બગડે નહીં, ચોરાય જાય નહીં, એવું મંગળમય સુખ મળે એના માટે આ માનવ શરીર મળ્યું છે. એટલા માટે તમે ભોગની ભાવના, વિષયની ભાવના, વ્યસન-ફેશન તમામ છોડી છળ કપટ દગાથી બચી અને આત્મ કલ્યાણ કરવા માટે તત્પર થાઓ એમ સુંદર પંચમ સ્કંધમાં બતાવ્યું. છઠ્ઠા સ્કંધનું નામ છે પોષણ લીલા. અજામીલે મરતા મરતા પુત્રને પોકારી ભગવાનનું નામ નારાયણ નારાયણ કર્યુ તોય એનું કલ્યાણ થયું એટલા માટે હરતાં ફરતાં ભગવાનનું નામ લેતાં રહેવું.

**"પ્રાતઃ સમે ઊઠી ને પ્રાણી, ગુરૂજીનું સ્મરણ કરને રે,**
**હરતાં ફરતાં પરિબ્રહ્મ કેરું, નામ હૃદયમાં ધરને રે."**

તો હૃદયમાં ભગવાનને યાદ કરવા પ્રભુ પરાયણ થવું. પ્રભુનો આનંદ લેતા રહેવો. ભજન કરવું એટલે ભગવાનનો આનંદ લેવો ઘણા લોકો કહે અમને ભજનમાં મજા નથી પડતી. તમે ભોજન કરવા બેઠા હો ને તમને ભોજનમાં મજા ન આવે તો તમે ભોજન સમજીને ભોજન નથી કરતા. એમ ખાલી જ કરો છો. એમ ભજનમાં આનંદ ન આવે તો ભજન સમજ્યા વગરનું કરો છો.

**"આવે આનંદની લહેર ભજનમાં આવે આનંદની લહેર**
**હોય ગુરૂજીની મહેર ભજનમાં આવે આનંદની લહેર."**
**"આનંદ વાધ્યોને રંગ ઉલટ્યો રે, પ્રગટ્યા છે પૂરણ બ્રહ્મ રે,**
**...સદ્‌ગુરૂને શરણે આવતા રે,"**

સદ્‌ગુરૂને શરણે આવતા, ભજનમાં આવતા આનંદ જાગ્રત થવો જોઈએ. જો આનંદની અનુભૂતિ થાય તો સાચું ભજન કર્યું કહેવાય. ભજન કરે તો તરત આનંદ આનંદ થઈ જવું જોઈએ. હૈયામાં સાચા આનંદનો ઉમળકો આવે ત્યારે આપણે સાચું ભજન કર્યું કહેવાય. સાતમાં સ્કંધનું નામ છે યુતિ (વાસના) લીલા. આપણે પહેલા પ્રહ્‌લાદ અને હિરણ્યકશિપુની કથા શ્રવણ કરી. પ્રહ્‌લાદની શુદ્ધ વાસના છે. ભગવાનને ભજવાની વાસના એટલા માટે પ્રહ્‌લાદનું કલ્યાણ થયું. ભગવાને એની રક્ષા કરી. હિરણ્યકશિપુની અશુભ વાસના એટલે હિરણ્ય-કશિપુનો નાશ થયો. જે શુભ વાસના વાળા થાય એનું કલ્યાણ થાય છે. અશુભ વાસના વાળાનો નાશ થાય છે. મિશ્રવાસના વાળાને વારંવાર સંસારમાં જન્મવું પડે છે. હવે ધર્મનો પ્રસંગ બતાવતા યુધિષ્ઠિર પૂછે છે.

**युधिष्ठिर उवाच**

**भगवञ्छ्रोतुमिच्छामि नृणां धर्मं सनातनम्।**
**वर्णाश्रमाचारयुतं यत् पुमान्विन्दते परम्॥२॥**

શુકદેવજી પરીક્ષિત રાજાને કથા સંભળાવે છે. નારદજી અહીં યુધિષ્ઠિરને સંભળાવે છે. તો યુધિષ્ઠિર નારદજીને પૂછે છે કે, 'હે ભગવાન ! હું સનાતન ધર્મ સાંભળવાની ઈચ્છા કરું છું. કે સનાતન ધર્મ કોને કહેવાય ?' એ પાળવાથી શું લાભ થાય ? મારું અંતઃકરણ શુદ્ધ થાય ને પરમપદ મળે એટલે મને ધર્મ બતાવો. ધર્મનું રહસ્ય બતાવો.'

**नारायणपरा विप्रा धर्मं गुह्यं परं विदुः।**
**करुणाः साधवः शान्तास्त्वद्विधा न तथापरे॥४॥**

'કે જે ભગવાનમાં પરમ પ્રેમ રાખતા હોય એ જ ધર્મનું રહસ્ય જાણે છે એટલા માટે કૃપા કરીને ધર્મનું રહસ્ય બતાવો.' તો

**नारद उवाच**

**नत्वा भगवतेऽजाय लोकानां धर्महेतवे।**
**वक्ष्ये सनातनं धर्मं नारायणमुखाच्छ्रुतम्॥५॥**

નારાયણ ભગવાનને નમસ્કાર કરી નારદજી ધર્મનું રહસ્ય યુધિષ્ઠિરને બતાવે છે. આમાં પહેલી વાત બતાવે છે કે....

**सत्यं दया तपः शौचं तितिक्षेक्षा शमो दमः।**
**अहिंसा ब्रह्मचर्यं च त्यागः स्वाध्याय आर्जवम्॥८॥**

**સત્ય :-** ધર્મનું પહેલું રહસ્ય છે સત્ય. જે માણસ સત્યનું પાલન કરે એનું અંતઃકરણ શુદ્ધ થાય એ સર્વ દુઃખોમાંથી છૂટી જાય પણ અજ્ઞાની જીવોને થવું છે સુખી ને કામ કરે છે દુઃખના; જીવને દુઃખ જોતું નથી પણ તોય પાપ કરે છે. અને પાપ કરે છે તેથી દુઃખ નથી જોતું છતાં આવે છે. પુણ્યનું સુખ બધાને ગમે છે; પણ પુણ્ય કરવું ગમતું નથી. તો હંમેશા યાદ રાખો ''સુખી થવું હોય તો પુણ્ય કરજો ને દુઃખી થવું હોય તો પાપ કરજો.'' એટલે જે સગાં-વહાલાં હોય એને ધર્મને માર્ગે વાળવા, તો એનું કલ્યાણ થશે. જો એને ધર્મના માર્ગે નહીં વાળો ને ધંધામાંને પૈસામાંને ભોગમાં રાખશો તો ખોટે રસ્તે ચાલશે. તો અધર્મમાં જઈને દુઃખી થશે. પહેલું કામ મનુષ્યે જીવનમાં સત્યનું પાલન કરવું. સત્ય કોને કહેવાય ? સત્ય કેમ સમજાય ? એ જાણવા માટે જ સંતોનો સમાગમ કરવો જોઈએ.

**સત્ય અસત્યમાં સમજ્યો નહીં શાણા,**
**પકડાણી પાપની પોલ,**
**મનવા ગોવિંદ - ગોવિંદ બોલ;**
**તારી જાય ઘડી અણમોલ...મનવા**
**કિંમત વિનાનો કરી નાખ્યો**
**કાદવમાં હિરલો હાથે અણમોલ....**
**....મનવા ગોવિંદ-ગોવિંદ બોલ ॥૧॥**

જે હીરાને સમજે નહી ને કાદવમાં નાંખી દે, એમ આ શરીરને જો માણસ સમજે નહીં તો પાપમાં નાંખી દે-તો મોટું નુકશાન થાય. તો સત્ય-અસત્ય સાર કોને કહેવાય ? તે સમજવા માટે સદ્‌ગુરૂની પાસે જવું જોઈએ. જ્યાં સુધી સત્યનું જ્ઞાન ન હોય તો સાચું બોલે કેમ ? નક્કી કરો કે, તમને કોઈ પૂછે કે, 'તમે આનંદમય છો કે દુઃખ રૂપ છો ?' તો 'તમે આનંદ સ્વરૂપ છો' એવું દ્રઢ કરો તો કોઈ દિવસ દુઃખ ન આવે, પણ 'હાય બિમાર પડી ગયા ને હાય ઘરડા થઈ ગયા' એમ હાય-હાય કરે એમાં હરિ-હરિ ક્યાંથી થાય ? ખોટું બોલવાવાળાને ખોટું જ હાથમાં આવે છે. જો સાચું બોલો કે, **''ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહમ્...''** એ સાચું બોલ્યા કહેવાય. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એટલે હવેથી નક્કી કરો કે, 'બધાને સચ્ચિદાનંદ કહેવાનું ને પોતાને પણ સચ્ચિદાનંદ સમજવાના ને સામેનાને પણ સચ્ચિદાનંદ સમજવા' સચ્ચિદાનંદ બધાય છે.

**''સત્‌ચિત્ આનંદ સર્વમાં ભરી રહ્યો ભરપુર,**
**દિન રજની રહે રંગમાં નિર્મળ વરસે નૂર.''**

સર્વમાં સચ્ચિદાનંદ પરમાત્મા રમી રહેલા છે. તમારો બધાનો આત્મા સત્‌ચિત્ આનંદ સ્વરૂપ છે. એવું સમજો ને બોલો તો સાચું બોલ્યા કહેવાય અને બીજું કંઈ સમજો તો તે ખોટું છે. ખોટું બોલે એને ખોટું જ મળે. પછી તમે સત્ય બનવા માટે ગમે તેટલા ગોથા ખાવ તોય સાચું ન મળે. કેમકે ખોટા હોય એને સાચો લાભ ક્યાંથી મળે ? એટલે હંમેશા સત્યમાં નિષ્ઠા કેળવવી.

**દૃષ્ટાંત :-** બે મિત્રો હતા એક સત્યવક્તા અને એક અસત્યવક્તા. બંને મિત્રતા કરીને પૈસા કમાવા વિદેશ ગયા. વિદેશમાંથી ઘણું ધન કમાઈને આવ્યા. જુના જમાનામાં બેન્કોની સુવિધા ન હતી. એટલે એણે વિચાર કર્યો. આ જંગલમાં પૈસા સંતાડીને ઘેર જઈએ. જ્યારે જરૂર પડશે ત્યારે પૈસા લઈ જઈશું. એક મોટું ઝાડ હતું તેની પાસે ખાડો કરીને જે ધન હતું એ દાટી દીધું બંને જણા ઘરે આવ્યા. જૂઠું બોલવાવાળાનું મન બગડ્યું કે હું રાત્રે જઈને ધન લઈ આવું ને પછી જૂઠું બોલું કે આ સત્યવક્તા ધન લઈ ગયો. એટલે મને આ પણ મળે ને બીજુ પણ મળે. એટલે દોઢ ગણું ધન આપણી પાસે થાય. એવો વિચાર કરી એક દિવસ રાત્રે જઈને જે ધન ત્યાં દાંટેલું હતું તે બધું લઈ આવ્યો ને અઠવાડીયા પછી કહેવા લાગ્યો મારે પૈસા ખૂટી ગયા છે ચાલો આપણે લેવા જઈએ. પેલો કહે ખૂટયા હોય તો ચાલો જઈએ. બંને જણાં ત્યાં ધન લેવા ગયા ત્યાં અસત્યવક્તા કહેવા લાગ્યો અહીં પોચું-પોચું લાગે છે.

**(વધુ આવતા અંકે)** ૨૬૪

## પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજ, વેદાન્તાચાર્યશ્રીનો ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ચમારડી

ધ્રુવી વિપુલભાઈ સોનાણી (રતનપર)

■ **પ. પૂ. પરમાદર્શ મહામંડલેશ્વર સ્વામી શ્રી સ્વરૂપાનંદજી મહારાજ**

અનંત કોટિ બ્રહ્માંડ નાયક ભગવાન સદાશિવના ચરણોમાં કોટિ-કોટિ પ્રણામ. એવમ્ પ્રાતઃસ્મરણીય, અર્ચણીય, વંદનીય ત્યાગ અને વૈરાગ્યની મૂર્તિ બ્રહ્મલીન પૂજ્યપાદ ગુરુજીના ચરણોમાં કોટિ-કોટિ પ્રણામ એવં સનાતન સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે જેમણે વસ્તડીમાં જન્મ લઈ અને આપણા બધાના ઉદ્ધાર માટે કાશી જઈ વેદાંતનો અદ્વૈત વેદાંતનો અભ્યાસ કરી ગામડે-ગામડે વ્હેમ દૂર કરવા માટે, વ્યસનથી દૂર કરવા માટે પ્રયત્ન કર્યો. એવા સંસ્થાના સંસ્થાપક પ.પૂ. બ્રહ્મલીન પૂજ્ય મહારાજશ્રીના ચરણોમાં કોટિ-કોટિ વંદન. એજ પરંપરામાં બધા મહાપુરૂષો થઈ ગયા. એ બધા જ મહાપુરૂષોના ચરણોમાં કોટિ-કોટિ પ્રણામ. એજ પરંપરામાં અમારા પરમ મિત્ર અને બધાના હૃદય સમ્રાટ સ્વામી અખંડાનંદ સાગરજી મહારાજ જેમણે આ સંસ્થા માટે, આ સંપ્રદાયની એક શાખા માટે અથાગ પ્રયત્ન કર્યો અને એમના જીવનનું સમર્પણ કર્યું એવા મહાપુરૂષને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે આપણે એકઠા થયા છીએ. એવમ્ આ સમારહના અધ્યક્ષ મહોદય સરળ સ્વભાવ ન મનકુટિલાઈ એવા સરળ સ્વભાવના આપણા સૌના માધવપીઠાધીશ્વર સ્વામીજી મહારાજ, દિલ્લીથી આવી ગરમીમાં બધા જ પ્રસંગોમાં હાજરી આપનાર પરમ દક્ષિણામૂર્તિના પરમ આચાર્ય મહામંડલેશ્વર પૂજ્ય સ્વામીજી મહારાજ મારી બાજુ...

ગુરુ પ્રત્યે શ્રદ્ધા કેવી હોય તે નજરે દેખાય છે ગઈ કાલથી જોયું. ગઈ કાલે ૪૫ ડીગ્રી ગરમી હતી અને છતાં આ દિકરીઓ, બહેનો આ બધાજ પૈદલ યાત્રા કરતા-કરતા બધા ગુરુ સ્મરણ કરતા કરતા અખંડધામમાં આપણે આવ્યા. આજ સવારે ભાવનગરથી આવ્યા એટલે અમાર જીજ્ઞેશ અમારો સારથી હતો. મે કહ્યું પહેલા વોશરૂમમાં જઈ આવી પછી બેસવુ ને તો રોડને કિનારે વાડી હતી અને એવુ સરસ રમેશભાઈએ બનાવ્યુ. તો મે કહ્યું કોને માટે બનાવ્યું તો કે અમારા ગુરુ માટે બનાવ્યું. આ ગુરુ ભક્તિ. પણ એવો સરસ કદાચ કોઈ શેઠનો બંગલો હોય તો મે કીધુ કે કોને માટે તો કે સ્વામીજી માટે બનાવ્યું. આ પ્રથમ મને તો ત્યાં જ ગુરુ ભક્તિના દર્શન થયા અને અનેક પ્રસંગોમાં આ બધા આટલા જ નિષ્ઠાથી, આટલા જ પ્રેમથી ગુરુ ઋણ અદા કરવા એકઠા થયા છો આ તમારી સમજ છે. વર્તમાન સમયમાં અમારે ભાગ્યે ક્યારેય કડવુ કહેવાનો વારો આવે તો તમને એમ થાય કે ઊંચા આસનમાં બેઠા આવી સારી વ્યવસ્થા અને તો પણ પાછા તમે ખરેરો કરો અમને એ સારું નહિ. પણ હવે મારો ધર્મ છે કહેવું પડે ભીક્ષા કરતા હોય ત્યાં સત્સંગ કરવો એ ગુરુનો આદેશ હતો. તો આ બાજુ બેઠા એને મારે કંઈ નથી કહેવું યુવાનો સિવાય પણ આ બાજુ બેઠા છે માતાઓ સૌ શિક્ષક કામ ન કરી શકે એવું એક મા કામ કરી શકે. તમે તમારા આનંદના માટે પૂર્વકર્તાએ મોબાઈલની વાત કરી ખરેખર બહુ મોટું દૂષણ છે હો - યાદ રાખી લેજો. છોકરો રડતો હોય ઘોડિયામાં હોય એને તમારે દૂધ પાવુ હોય તો મોબાઈલ આપી દો એટલે દૂધ પીઈ લે બસ. એને ખવડાવવું હોય તો મોબાઈલ આપી દો એ રમતા-રમતા તમે એને જમાડી દો. તમને ખબર નથી કે આ જો એનામાં ગ્રહણ થઈ જશે તો આગળ જઈને ભયંકરમાં ભયંકર દૂષણ છે. અમારી બધાની ઊંમર થઈ ગઈ છે. પણ

સાચી વાત કહેવા માં કંઈ વાંધો નહિ. માળા કરતા-કરતા જ્યારે થાકી જઈએને ત્યારે એમ થઈ જાય કે થોડી વાર ન્યુઝ જોઈ લઈએ, સમાચાર જોઈ લઈએ. અમને સમાચાર જોવાનું મન થઈ જાય છે. મોબાઈલમાં, વિચાર કરો તમારી શું દશા થશે. એટલે માતાઓ છોકરાઓને મોબાઈલથી દૂર રાખજો. એટલું કરજો. સ્વામી અખંડાનંદ સાગરજી મહારાજ સંસ્કાર માટે બહુ ચિંતિત હતા અને એવા કડક ગુરુની પાસે રહ્યા. ગુરુનો આદેશ હતો કે રોજ તારે એક ભજન નવું બનાવવાનુ અને એક ભજન રોજ ગુરુને બનાવીને સમર્પણ કરતા હતા. ગુરુ પાસે રહેવું એ સામાન્ય વાત નથી પણ સ્વામી અખંડાનંદજી મહારાજ એ બહુ સરળ સ્વભાવના એટલે તમને બધાને વાહામાં હાથ જ ફેરવ્યો બહુ કડક ન કીધુ કંઈ. શવિોહમ સાગરજી મહારાજ અહીંયા મને બરાબર યાદ છે એટલા બધા ચૂસ્ત હતા કે પાણી કૂવેથી ભરીને લાવવાનુ એ પણ ભીના કપડે લાવવાનું એમ નામ જો લાવ્યા હોય તો આવી બને. આવા કડક સ્વભાવની સાથે રહેનારા વ્યક્તિ એકદમ સરળ, માખણ કરતા પણ કોમળ. સ્વામી અખંડાનંદ સારજી મહારાજનું જીવન હતું. એવા ગુરુની પાસે આપણે રહ્યા છીએ અને ગુરુની શ્રદ્ધાંજલિ આપી ત્યારે ગણાય જ્યારે આપણુ જીવન બને. બધા તમે જ્ઞાનની વાતો સાંભળો છો, સત્સંગ કરો છો. યોગ વશિષ્ટ રામાયણમાં ભગવાન્ શ્રી રામે પ્રશ્ન પૂછયો એના ગુરુને કે મહારાજ જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન બધા કહે છે પણ જ્ઞાનનો અર્થ શું. કોને જ્ઞાન કહેવું અને બહુ જ ટૂંકમાં જવાબ આપ્યો. ગુરુએ કે હું કોણ છું તેની ઓળખ એનું નામ જ્ઞાન. આપણે આ શોધવાનું છે. સત્સંગનો ફળ આ છે. હું કોણ છું તમે જુઓ દિવસ આથમે, ઉગે આથમે. આથમે ત્યારે આપણા જીવનનો એક દિવસ ઓછો થઈ ગયો. વિચાર કરી લેજો આપણને દુઃખ નથી થાતુ કે અરે આજે મારાથી કંઈ ના થયું. ભજન ન થયુ, માળા ન કરી, ગુરૂગીતાનો પાઠ નો કર્યો. અને મારા જીવનમાંથી એક દિવસ કપાય ગયો. મૃત્યુ તરફ જઈ રહ્યા છીએ. છતાં આંખ ઉઘડતી નથી અને એટલે જ આપણા આદિ જગતગુરુ શંકરાચાર્ય મહારાજે ચર્પટપંજરીની રચના કરી.

**પુનરપિ જનનં પુનરપિ મરણમ્**
**પુનરપિ જનની જઠરે શયનમ્**
**ભજ ગોવિંદ ભજ ગોવિંદ ગોવિંદમ્ ભજ મૂઢ મતે**

કેટલું બધુ દુઃખ થયુ હશે કોઈને મૂઢ કહેવુ સારુ લાગે. આવા આચાર્ય ભગવાન કોઈને મૂઢ કે પણ કેટલું એ મહાપુરૂષને દુઃખ થયું હશે કે ચૌરાશી લાખ જન્મો પછી મને શરીર પ્રાપ્ત થયુ છે આ કંઈ સામાન્ય નથી. કોઈવાર કાંકરા ગણજો એક લાખ કંકરા ગણતા કેટલી વાર લાગે. મારા અને તમારા ચૌરાશી લાખ જન્મો થયા અને છતાંય હજી આપણી આંખ ઉઘડતી નથી. છાંદોયની ઉપનિષદે એક વસ્તુ કીધી.

**अत्तिष्ठत् जाग्रत प्राप्य वरान्निबोधत।**
**क्षुरस्यधारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् कवयो वदन्ति॥**

ઉઠો જાગોને પરમ લક્ષ્ય છે એના તરફ આગળ વધવાનું છે. સમય ઘણો થઈ ગયો છે એટલો ઉદ્‌ઘોષક છે કે ટક-ટક કરે ઈ પહેલા આપણે બંધ કરી દઈએ. નહિતર પછી આમ ટક-ટક કરે ઈ આપણને પોહાણ ન થાય એને ઓશરીમાં ઘોડો દોડાવાનો. હવે ઓશરીમાં ઘોડો કેમ દોડાવો પણ તમારી બધાની શ્રદ્ધા છે એ શ્રદ્ધા ટકાવી રાખજો જે આપણા આચાર્ય ગાદી ઉપર જે બેઠું હોય એ આપણા ગુરુ કહેવાય અને એ ગુરુમાં સ્વામી અખંડાનંદ સાગરજી મહારાજના દર્શન થવા જોઈએ. એમની આજ્ઞાનું પાલન કરજો અને બધા એક થઈને રહેજો એવી શુભકામના સાથે.

સર્વત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દ દુઃખ ભાગ્ભવેત ॥
॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

# વાણી અને પાણી

વાણી અને પાણી બંનેમાં સાફ છબી ઉપસી આવે છે. પાણી સ્વચ્છ હોય તો સ્પષ્ટ ચિત્ર નજર આવે છે અને વાણી મધુર હોય તો મનુષ્યનું ચરિત્ર નજર આવે છે. શુદ્ધ અને પવિત્ર પાણીથી સ્નાન કરવાથી શરીર પવિત્ર અને પાવન થાય છે. સ્વચ્છ અને શુદ્ધ પાણી પીવાથી આપણું આરોગ્ય સારું રહે છે. શુદ્ધ અને પવિત્ર પાણી અમૃત સમાન છે. શુદ્ધ પાણી શરીર માટે એક અમૂલ્ય ઔષધી છે. અશુદ્ધ પાણી ઝેર સમાન છે. અશુદ્ધ પાણી પીવાથી અનેક પ્રકારના રોગો થાય છે. આપણી અમુક બિમારીઓમાં ડૉકટરો પણ કહે છે કે પાણી ફેર કરી આવો. પાણીફેર કરવાથી ઘણા દર્દીઓ વગર દવાએ સાજા થઈ જતા હોય છે. સ્વચ્છ પાણી અને ગંદાપાણીની આપણા આરોગ્ય ઉપર ખૂબ જ અસર પડે છે. તેમજ પાણીનો બગાડ કરવો નહીં. દિન-પ્રતિદિન ભૂગર્ભમાં પાણીના સ્ત્રોત ઘટતા જાય છે. પાણી વગર પ્રાણીમાત્રનું જીવન શક્ય નથી. નદી, તળાવ કે કૂવામાં કચરો નાંખીને પાણીને ગંદુ કરવું નહીં. નદી, તળાવ કે કૂવામાં કચરો નાખવાથી પાપ થાય છે. જીવનમાં જેટલું સારાપાણીનું મહત્ત્વ છે, તેટલું જ મહત્ત્વ સારી વાણીનું છે. એટલે વાણી અને પાણી સ્વચ્છ રાખવા.

મનુષ્યના ગુણ અને અવગુણ એની વાણીથી જાણી શકાય છે. કોયલ અને કાગડો રંગે અને રૂપે એક સરખા હોય છે. પરંતુ પોતાના કંઠથી ઓળખાય છે. કોયલનો ટહુકારો સાંભળવાનું મન થાય છે, જ્યારે કાગડાનો કર્કશ અવાજ સાંભળવો ગમતો નથી. જીભ જ વિષ-અમૃતની ખાણ છે. આપણી ખરાબ વાણી બીજાને કદાચ ડંખે, પરંતુ આપણું તો પતન જ કરે. દ્રૌપદીની જીભે મહાભારત રચાયુ અને કૈકયીની જીભે રામાયણ રચાયું. ગાંધીજી એક સામાન્ય માણસમાંથી એક મહાત્મા બન્યા તેના કેન્દ્રમાં તેની વાણી અને તેના ઉચ્ચ વિચારો હતા. ધંધો, વેપાર તથા વ્યવહારમાં મધુરવાણીથી લોકોનું આકર્ષણ વધે છે. મધુરવાણીથી લોકો તમારી નજીક આવવા કરશે. જ્યારે કટુવાણીથી લોકો તમારાથી દૂર ભાગશે. મધુરવાણીથી ઓળખાણો વધશે જ્યારે કટુવાણીથી ઓળખીતાઓ પણ તમારાથી દૂર રહેવાનું પસંદ કરશે. મધુરવાણીથી ધંધા-વેપારમાં પ્રગતિ જણાશે. વાણીની મધુરતા અને કટુતા પરથી સામેની વ્યકિત આપણું મુલ્યાંકન કરતા હોય છે. ઘરમાં તથા પરિવારમાં અંદરો-અંદર વાણીની મધુરતા રાખવી. તમારો પરિવાર મૃદુભાષી હોવો જોઈએ. મધુરવાણીજ ઘરમાં સ્વર્ગનું નિર્માણ કરે છે. જેમની સાથે બેસવાથી શુભ અને ઉમદા વિચારો આવે તેવા વ્યક્તિ સાથે બેસવાથી તમારા વાણી-વર્તનમાં ફેર પડે છે. તુલસીદાસે તેની વાણીમાં કહ્યું છે કે -

**તુલસી મીઠે વચન સે, સુખ ઉપજત કછુ ઔર વશીકરણ પહું મંત્ર હૈ, તજીએ ઉરામ વચન કઠોર.**

મીઠી અને મધુરવાણી એક વશીકરણ મંત્ર સમાન છે. જેમ વશીકરણ મંત્રથી સામેની વ્યક્તિને વશ કરી શકાય છે તેમ મધુરવાણીથી શત્રુને પણ મિત્ર બનાવી શકાય છે. વાણી, વર્તન અને વિચાર સત્ય રાખવા જેનાથી કોઈપણ વ્યકિત ઉપર પ્રભાવ પડે છે. ઘણીવાર સરકારી ઓફિસોમાં વાત કરવાની રજુઆત ઉપરથી અધિકારી મુલ્યાંકન કરી તમારું કામ કરી આપતા હોય છે. એ જ પ્રકારનું કામ બીજી વ્યકિત તેની વાણી વર્તનથી કરાવી શકતો નથી.

મનુષ્ય જરા જેટલી વાતમાં ક્રોધના આવેગમાં આવી. જઈને માનસિક શાંતિ ડોળી નાંખે છે. નમ્રતાભરી વાણીથી જગતને વશ કરી શકાય છે. વિનમ્રતા ભરી વાણી સામેની વ્યકિતના દૂધ જેવા ઉભરાતા ગુસ્સાને ઠારી દે છે. વાણીનું વિષ જીવનમાં હંમેશા વાવાઝોડું લાવે છે. તમારી ખોટી દલીલો તમારા અહંકારને પ્રદર્શિત કરે છે. ને તમારો એ જ અહંકાર તમારા સબંધોને વિકસવા નહી દે. કોઈપણ વાતચીતનો પ્રથમ અંશ સત્ય અને વાક્ ચાતુર્ય ઉપર છે. ઘણા માણસોની વાતચીત કરવાની આવડતથી સામેના માણસને પોતાની વાતમાં લઈ લેતા હોય છે. ઘણા લોકો આવી સારી-સારી વાતમાં આવીને ફસાઈ પણ જતી હોય છે. કર્કશ અવાજથી ઘાટા પાડીને બોલનાર વ્યકિત પોતાનું વ્યકિતત્વ ગુમાવે છે. જે વ્યક્તિ પોતાની જ વાતો કર્યા કરે છે તે પણ પોતાના વ્યકિતત્વને નુકસાન કરે છે. ઘણી વાતમાં ''ન બોલ્યામાં નવ ગુણ'' કહેવત સાચી પડે છે. અસરકારક વ્યકિત માટે ''શું બોલવું'', ''કયારે બોલવું'', ''કેટલું બોલવું'' તેનો ખ્યાલ હોવો જોઈએ. આચાર વિનાની વાણી કાગળના કુલ જેવી છે. જેમાં સૌંદર્ય છે પણ સુવાસ નથી હોતી.

કોઈની કુથલી કે નિંદા કરવી નહીં, કોઈને દુઃખ થાય તેવી વાણી બોલવી નહીં તેમજ કોઈના ખોટા વખાણ પણ કરવા નહી.

**''સત્યમ્-બૃયાત્ પ્રિયમ્ બૃયાત, ન બૃયાત્ અસત્યમ્ પ્રિયમ્''** સત્ય બોલવું પણ સામા માણસને પ્રિય લાગે તેવું બોલવું અને સામા માણસને પ્રિય લાગે તેવું અસત્ય પણ ન બોલવું.

**અંધાને અંધા કહે વસમું લાગે વેણ**
**ધીરે ધીરે પૂછીએ, ભાઈ શાથી ખોયા નેણ.**

આંધળા માણસને આંધળો કહીએ તો તેમને ખરાબ લાગશે. પણ તેમને ધીરેથી પૂછીએ કે શેના કારણે નેત્ર ગુમાવ્યા તો તેમને સારું લાગશે. તેવી જ રીતે અપંગ માણસને લંગડો કહીને બોલાવો તો તેમને વસમું લાગે પણ વિવેકબુદ્ધિથી પૂછો કે તમારા પગની અપંગતા કેમ કરતા થઈ તો તેમને સારું લાગશે. **''ન બૃયાત્ અસત્યમ્ પ્રિયમ્''** એટલે સામેના ખોટા માણસના વખાણ ન કરવા. આ જગતમાં મીઠું બોલનારા બહુ છે. તમે થોડાક ધનિક હોવ અથવા સત્તાવાળા હોવ તો તમારી આજુબાજુ મધમાખીની માફક આ મીઠું બોલનારા બણબણ્યા કરશે. કડવું કહેનારા અને સત્ય કહેનારા બહુ ઓછા મળશે. ખોટું મીઠું બોલનારાથી ચેતીને ચાલવું. તેનાથી દૂર રહેવું. મીઠું બોલનારા ક્યારે ડંખ મારશે તે કહેવાય નહી. ખોટા લોકો તમારી પ્રશંસા કરવા લાગે ત્યારે સમજવું કે તમારું પતન થવાનું નક્કી.

ખીલીને પુષ્પ બીજાને સુવાસ આપે છે. બળીને દિપક બીજાને ઉજાસ આપે છે. ફક્ત માનવી જ એવો છે વિશ્વમાં, કે જે બોલીને બીજાને ત્રાસ આપે છે. સામેની વ્યક્તિને દુઃખ થાય તેવી વાણી બોલવી નહીં. પ્રીતિ વચન જેવું બીજુ કોઈ વશીકરણ નથી. પ.પૂ. બ્રહ્મલીન સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજની અમૃતમય વાણીમાં એટલી મધુરતા અને સત્યતા હતી કે સામેની વ્યક્તિનું જીવન પરિવર્તન થઈ જતું. કલાકો સુધી તેમની કથા અને પ્રવચનો સાંભળ્યા જ કરીએ. ક્યારેય તેમની કથા તથા પ્રવચનોમાં કંટાળો આવતો નહી. મૃદુતા અને સરળતા તેમના જીવનમંત્ર હતા. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ, હે પરમાત્મા ક્યારેય અમારી વાણીથી કોઈની લાગણી ન દુભાય. આપણે દ્રઢ સંકલ્પ લઈએ કે ''વાણી અને પાણી'' સ્વચ્છ રાખીશું.■

**મણકો ૬૦ મો : ''પરમાત્મા પાસે કૃપા માગો, એ મળશે તો બધું મળી જશે.''**

સૌના મનમાં એ સવાલ પેદા થતો હોય છે કે આપણે જ્યારે ભગવાન સાથે સંબંધ બાંધીએ ત્યારે તેની પાસે કશું માગવું જોઈએ કે નહીં ? કેટલાક ભક્તો કહે છે, ભગવાન ભક્તોના મનની વાત જાણે છે તો પછી માગવાનો શો અર્થ? પરંતુ કેટલાકનું માનવું છે કે, આ માંગવું આપણો અધિકાર છે.

હકીકતમાં પરમાત્માને જોવાની આપણી દૃષ્ટિ શુદ્ધ ન હોવાને કારણે આપણે તેને એવી રીતે જોઈએ છીએ જેવો આપણે તેને જોવા માંગીએ છીએ. આપણી માન્યતા જ આપણી દૃષ્ટિ પર પ્રભાવી થઈ જાય છે અને પરમાત્માના મૂળ સ્વરૂપ પર પડદો પડી જાય છે. આપણે નાના છીએ અને તે વિરાટ છે. આથી ભગવાન પાસે માગવું જોઈએ કે નહીં એ મુદ્દે ભક્તોમાં ચર્ચા ચાલતી રહે છે. ભગવાન પાસે એવી રીતે માગવું જોઈએ કે માગ પણ લાગે અને ન પણ લાગે.

આ મુદ્દે હનુમાનજીનો દૃષ્ટિકોણ તદ્દન સ્પષ્ટ છે. સુંદરકાંડમાં તેઓ જ્યારે પોતાની વાતોથી માતા સીતાને સમજાવી રહ્યા હોય છે ત્યારે એ વાતથી તેઓ ઘણા જ ખુશ થઈ જાય છે કે, ભગવાન તેમના પર કૃપા કરશે.

**અજર અમર ગુનનિધિ સુત હોહુ,**
**કરહુ બહુત રઘુ નાયક છોહૂ.**
**કરહું કૃપા પ્રભુ અસ સનિ કાના,**
**નિર્ભય પ્રેમ મગન હનુમાના.'**

(હે પુત્ર! તું વૃદ્ધાવસ્થાથી મુક્ત, અમર અને ગુણોનો ખજાનો થાય. શ્રીરઘુનાથજી તારા પર કૃપા કરે. એવા શબ્દો સાંભળતાં જ હનુમાનજી પૂર્ણ પ્રેમમાં મગન થઈ જાય છે.)

હનુમાનજીએ ભક્તોને એક શબ્દ આપ્યો છે. કૃપા. જો પરમાત્મા પાસે માગવું જ હોય તો કૃપા માગો. આ કૃપામાં બધું જ સમાયેલું છે. આપણી અરજ અને આપવાનો તેનો અધિકાર. સુંદર જીવવાની આ જ વ્યાખ્યા છે.

**મણકો ૬૧ મો : ''ઘરની શાંતિ-અશાંતિ તેનાં વાસણોના અવાજથી વરતાય.''**

જે લોકો શાંતિની શોધમાં હોય તેમને માટે ફકીરોએ એક પ્રયોગ જણાવ્યો છે કે ચેતનની સાથે જડ વસ્તુઓ પ્રત્યે પણ જીવંત વ્યવહાર રાખો. મનોવૈજ્ઞાનિકો કહે છે કે જો ઘરમાં શાંતિ ઈચ્છતા હો તો વાસણો સાથે તે નિર્જીવ નહીં સજીવની જેમ વર્તો. કહેવત એટલે જ બની છે, 'ઘેર-ઘેર વાસણ ખખડે છે.' વાસણો સાથે ઘરની શાંતિ અને અશાંતિ જોડાયેલી છે. આવેશમાં પછાડેલાં વાસણ ગૃહિણીની માનસિકતા રજૂ કરે છે. શાસ્ત્રોમાં તેને પાત્ર કહેવામાં આવે છે. તેથી મનુષ્યોને પણ સુપાત્ર અને કુપાત્ર એવું સંબોધન આપવામાં આવ્યું છે. જેમ જેમ આપણે વસ્તુઓ સાથે જીવંત વ્યવહાર કરીશું તેમ તેમ આપણી પાત્રતા પણ દિવ્ય થતી જશે. શાસ્ત્રોમાં પાત્રોને નારી સાથે જોડવામાં આવ્યા છે, કારણ કે સ્ત્રીઓ જિંદગીનો સૌથી મોટો સમય વાસણો સાથે પસાર કરે છે.

મહાભારતમાં દ્રૌપદીને એક અક્ષયપાત્ર મળે છે. તેની વિશેષતા એ હતી કે દ્રૌપદી તેમાં ભોજન કરીને તેને સાફ નહીં કરે ત્યાં સુધી તેમાંથી ભોજન બહાર આવતું રહેશે. માતાઓના હાથમાં અન્ન નિયંત્રણ રહેવું તે સમગ્ર પરિવારની શાંતિનું નિયંત્રણ જણાવે છે. સ્ત્રીઓ સાથે પણ આ જ બાબત જોડાયેલી છે. તે પુરૂષ કરતાં એટલે મહાન છે કે, તેનામાં ગર્ભધારણ કરવાની ક્ષમતા છે. તેથી પરિવારમાં શાંતિ માટે જડ વસ્તુઓનો પ્રયોગ કરવો હોય તો તેના પ્રત્યે વાસણો જેવો ભાવ લાવવો નહીં. ■

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** - શૌનકાદિ ઋષિઓ! મેરુ નામનો એક પર્વત છે. તે એટલો ચમકદાર છે કે જાણે તેજનો ઢગલો હોય! તેનાં સોનેરી શિખરોના ચળકાટ સામે સૂર્યની પ્રભા ઝાંખી પડી જાય છે. તે ગગનચુંબિત શિખરો રત્નોથી જડેલાં છે. તેમનામાંથી એક શિખર પર ભેગા થઈને દેવતાઓ અમૃત પ્રાપ્તિ માટે ચર્ચા કરવા લાગ્યા. તે સભામાં ભગવાન નારાયણ અને બ્રહ્માજી પણ હતા. ભગવાન નારાયણે દેવતાઓને કહ્યું, 'દેવતાઓ અને અસુરો મળીને સમુદ્ર-મંથન કરે. ફળસ્વરૂપ અમૃતની પ્રાપ્તિ થશે. 'દેવતાઓએ ભગવાન નારાયણની સલાહથી મંદરાચલને ઉખાડવાનો પ્રયત્ન કર્યો. તે પર્વત મેઘોની જેમ ઊંચાં શિખરોવાળો, અગિયાર હજાર યોજન ઊંચો અને એટલો જ અંદર ધસેલો હતો. જ્યારે બધા દેવતાઓ પૂરી શક્તિ લગાવીને પણ તેને ઉખાડી ન શક્યા, ત્યારે તેમણે વિષ્ણુ ભગવાન અને બ્રહ્માજી પાસે જઈને પ્રાર્થના કરી- ''ભગવન! તમે બંને અમારા કલ્યાણ માટે મંદરાચલને ઉખાડવાનો ઉપાય બતાવો અને અમને કલ્યાણકારી જ્ઞાન આપો.'' દેવતાઓની પ્રાર્થના સાંભળીને શ્રીનારાયણ અને બ્રહ્માજીએ શેષનાગને મંદરાચલ ઉખાડવા માટે પ્રોત્સાહિત કર્યા. મહાબળવાન શેષનાગે વનો અને વનવાસીઓ સહિત મંદરાચલને ઉખાડી નાંખ્યો. હવે મંદરાચલ સાથે દેવતાઓ સમુદ્રકિનારે પહોંચ્યા અને સમુદ્રને કહ્યું કે, ''અમે લોકો અમૃત પ્રાપ્ત કરવા તમારા જળનું મંથન કરીશું.'' સમુદ્રે કહ્યું, 'જો તમે અમૃતમાં મારો ભાગ રાખો તો હું મંદરાચલને ઘુમડવાથી જે કષ્ટ થશે, તે સહી લઈશ.' દેવતાઓ અને અસુરોએ સમુદ્રની વાતનો સ્વીકાર કરીને કચ્છપરાજને કહ્યું, 'તમે આ પર્વતનો આધાર બનો.' કચ્છપરાજે 'સારું' કહીને મંદરાચલને પોતાની પીઠ પર ધારણ કરી દીધો. હવે દેવરાજ ઈન્દ્ર યંત્ર દ્વારા મંદરાચલને ઘુમાવવા લાગ્યા.

આ પ્રમાણે દેવતાઓ અને અસુરોએ મંદરાચલની મથની અને વાસુકિ નાગનું નેતરું બનાવીને સમુદ્ર-મંથન શરૂ કર્યું. વાસુકિ નાગના મોઢા તરફ અસુરો અને પૂંછડા તરફ દેવતાઓ હતા. વારંવાર ખેંચાવાને કારણે વાસુકિ નાગના મુખમાંથી ધુમાડો અને અગ્નિજવાળાઓની સાથે શ્વાસ પણ નીકળવા લાગ્યો. તે શ્વાસ થોડી જ વારમાં વાદળો બનીને થાકેલા દેવતાઓ પર જળ વરસાવતાં હતાં. પર્વતના શિખર પરથી પુષ્પોની ઝડી વરસવા લાગી. મેઘગર્જના જેવો ગંભીર અવાજ થવા લાગ્યો. પર્વત પરનાં વૃક્ષો પરસ્પર અથડાઈને પડવા લાગ્યાં. વૃક્ષોના ઘર્ષણથી અગ્નિ પ્રજ્જવલિત થઈ ગયો. ઈન્દ્રે મેઘો દ્વારા જળ વરસાવીને અગ્નિ બુઝાવી દીધો. વૃક્ષોનું દૂધ અને વનસ્પતિઓનો રસ ટપકી-ટપકીને સમુદ્રમાં પડવા લાગ્યો. વનસ્પતિઓનો અમૃત જેવો પ્રભાવશાળી રસ અને દૂધ તથા સુવર્ણમય મંદરાચલના દિવ્ય પ્રભાવશાળી મણિઓમાંથી ટપકતા જળના સ્પર્શથી જ દેવતાઓ અમરતાને પ્રાપ્ત થવા લાગ્યા. તે ઉત્તમ રસોના સંમિશ્રણથી સમુદ્રનું જળ દૂધ બની ગયું અને દૂધમાંથી ઘી બનવા લાગ્યું. દેવતાઓએ મંથન કરતાં કરતાં થાકીને બ્રહ્માજીને કહ્યું, ''ભગવાન નારાયણ સિવાય બધા દેવતાઓ અને અસુરો થાકી ગયા છે. સમુદ્રનું મંથન કરતાં કરતાં આટલો સમય વીતી ગયો, પરંતુ હજી સુધી અમૃત નથી નીકળ્યું.'' બ્રહ્માજીએ ભગવાન વિષ્ણુને કહ્યું, ''ભગવન્! તમે આમને બળ આપો. તમે તેમના એકમાત્ર આશ્રય છો.'' વિષ્ણુ ભગવાને કહ્યું, 'જે લોકો આ કાર્યમાં લાગેલા છે તેમને હું બળ આપી રહ્યો છું. બધા લોકો પૂરી શક્તિ લગાવીને મંદરા ચલને ઘુમાવે અને સમુદ્રને ક્ષુબ્ધ કરી દે.'' ભગવાને આ પ્રમાણે કહેતાં જ દેવતા અને અસુરોનું બળ વધી ગયું. તેઓ અત્યંત વેગથી મથવા લાગ્યા. સંપૂર્ણ સમુદ્ર ક્ષુબ્ધ થઈ ગયો. તે સમયે

સમુદ્રમાંથી અગણિત કિરણોવાળો, શીતળ પ્રકાશયુક્ત, શ્વેતવર્ણનો ચંદ્રમા પ્રગટ થયો. ચંદ્રમા પછી ભગવતી લક્ષ્મી અને પછી સુરાદેવી નીકળ્યાં. તે જ સમયે શ્વેતવર્ણવાળો ઉચ્ચ:શ્રવા ઘોડો પણ નીકળ્યો. ભગવાન નારાયણના વક્ષ:સ્થળની શોભા વધારનારો દિવ્ય કિરણોથી ઉજ્જવળ કૌસ્તુભમણિ, ઇચ્છિત ફળ આપનારું કલ્પવૃક્ષ અને કામધેનુ પણ તે જ સમયે નીકળ્યાં. લક્ષ્મી, સુરા, ચંદ્રમા, ઉચ્ચ:શ્રવા - આ બધાં આકાશમાર્ગે દેવતાઓના લોકમાં ચાલ્યાં ગયાં. ત્યારપછી દિવ્ય શરીરધારી ધન્વંતરિ દેવ પ્રગટ થયા. તેમના - હાથમાં અમૃતથી ભરેલું શ્વેત કમંડળ હતું. આ અદ્‌ભુત ચમત્કાર જોઈને દાનવો, 'આ અમારું છે, અમારું છે.' એવી બૂમો પાડવા લાગ્યા. ત્યાર પછી ચાર શ્વેત દાંતોથી યુક્ત વિશાળ ઐરાવત હાથી નીકળ્યો. તે ઇન્દ્રે રાખી લીધો. જ્યારે સમુદ્રનું બહુ જ મંથન કરવામાં આવ્યું ત્યારે તેમાંથી કાલકૂટ વિષ નીકળ્યું. તેની વાસથી જ લોકો અચેત થઈ ગયા. બ્રહ્માજીની પ્રાર્થનાથી ભગવાન શંકરે તેને પોતાના કંઠમાં ધારણ કરી લીધું. ત્યારથી તેઓ 'નીલકંઠ' નામથી પ્રસિદ્ધ થયા. આ બધું જોઈને દાનવોની આશા નષ્ટ થઈ ગઈ. અમૃત અને લક્ષ્મીને માટે તેમનામાં બહુ જ વેર-વિરોધ અને ફાટફૂટ પડી ગઈ. તે જ સમયે ભગવાન વિષ્ણુ મોહિનીરૂપ (સુંદર સ્ત્રીનું રૂપ) ધારણ કરીને દાનવો પાસે આવ્યા. મૂઢ દાનવોએ ભગવાનની માયાને જાણ્યા વિના મોહિનીરૂપધારી ભગવાનને અમૃતનું પાત્ર આપી દીધું. તે સમયે તે બધા મોહિનીરૂપ જોઈને પરવશ થઈ ગયા હતા.

આ પ્રમાણે વિષ્ણુ ભગવાને મોહિનીરૂપ ધારણ કરીને દૈત્યો અને દાનવો પાસેથી અમૃત છીનવી લીધું અને દેવતાઓએ તેમની પાસે જઈને તે પી લીધું. તે સમયે રાહુ દાનવ પણ દેવતાનું રૂપ ધારણ કરીને અમૃત પીવા લાગ્યો. હજી અમૃત તેના કંઠ સુધી જ પહોંચ્યું હતું ત્યાં તો ચંદ્રમા અને સૂર્ય તેનો ભેદ બતાવી દીધો. ભગવાન વિષ્ણુએ તરત જ પોતાના ચક્રથી તેનું મસ્તક છેદી નાખ્યું. રાહુનું પર્વતના શિખર જેવું માથું આકાશમાં જઈને ગર્જના કરવા લાગ્યું અને તેનું ધડ પૃથ્વી પર રહીને બધાને કંપાવતું રહીને તરફડવા લાગ્યું. ત્યારથી રાહુ સાથે સૂર્ય અને ચંદ્રની શત્રુતા સ્થાયી થઈ ગઈ. વિષ્ણુ ભગવાને અમૃત પિવડાવ્યા પછી પોતાનું મોહિનીરૂપ અદૃશ્ય કરી દીધું અને તેઓ નાના પ્રકારનાં ભયંકર અસ્ત્ર-શસ્ત્રોથી અસુરોને ભયભીત કરવા લાગ્યા અને ત્યાં જ ખારા સમુદ્રકિનારે દેવતા અને અસુરોનું ભયંકર યુદ્ધ શરૂ થઈ ગયું. વિવિધ પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રોની વૃષ્ટિ થવા લાગી. ભગવાનના ચક્રથી છેદાઈને કોઈ-કોઈ અસુર લોહી ઓકવા લાગ્યા તો કોઈ દેવતાઓનાં ખડ્‌ગ, શક્તિ અને ગદાથી ઘાયલ થઈને ધરતી પર આળોટવા લાગ્યા. ચારે બાજુથી 'મારો-કાપો, દોડો, પાડી દો, પીછો કરો' જેવા અવાજો સંભળાતા હતા. આ પ્રમાણે ભયંકર યુદ્ધ ચાલી જ રહ્યું હતું ત્યાં જ ભગવાન વિષ્ણુના રૂપ 'નર' અને 'નારાયણ' યુદ્ધભૂમિમાં જોવા મળ્યા. નરનું દિવ્ય ધનુષ્ય જોઈને નારાયણે પોતાના ચક્રનું સ્મરણ કર્યું અને તે જ સમયે સૂર્ય જેવું તેજસ્વી ગોળાકાર ચક્ર આકાશમાર્ગથી ત્યાં આવી પહોંચ્યું. ભગવાન નારાયણના ચલાવવાથી તે ચક્ર શત્રુ- સેનામાં ફરી ફરીને કાળાગ્નિ જેવા હજારો-હજારો અસુરોનો સંહાર કરવા લાગ્યું. અસુરો પણ આકાશમાં ઊડીને દેવતાઓ પર પર્વતોની વૃષ્ટિ કરી તેમને ઘાયલ કરતા હતા. તે વખતે દેવ શિરોમણિ નરે પોતાનાં બાણો વડે પર્વતનાં શિખરોને કાપી-કાપીને આકાશમાં પાથરી દીધાં અને સુદર્શન ચક્ર ઘાસની જેમ દૈત્યોને કાપવા લાગ્યું. આનાથી ભયભીત થઈને અસુરો પૃથ્વી અને સમુદ્રમાં સંતાઈ ગયા. દેવતાઓનો વિજય થયો. મંદરાચલને સન્માનપૂર્વક યથાસ્થાને પહોંચાડી દીધો. બધા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. દેવતા અને ઇન્દ્રે ખૂબ જ આનંદથી સુરક્ષિત રાખવા માટે અમૃત ભગવાન નરને આપી દીધું. આ જ સમુદ્ર-મંથનની કથા છે. ■

**ઘર એક મંદિર:**

ઘર એ પ્રેમ, સમર્પણ, સદ્‌ભાવ અને સંસ્કારોનું પાવન મંદિર છે. મંદિર માણસને પવિત્રતા બક્ષે છે. આ મંદિર ભગવાનનું નથી, ઈન્સાનનું છે. ભગવાનના મંદિરમાં તો માણસ દિવસમાં એક વાર જાય છે, જ્યારે આ મંદિરમાં તો માણસ બધો વખત રહે છે. આ મંદિરમાં ભગવાનની જેમ એક ચેતના નહિ પણ અનેક ચેતનાના સમૂહનો જીવંત નિવાસ છે. આ અનેકતામાં એકતા એ જ ઘરને સ્વર્ગ બનાવવાની કળા છે. દરેક વ્યક્તિ ચિંતનશીલ છે, વિચારશીલ છે અને દરેકને વિચારવાનો સ્વતંત્ર અધિકાર છે. સ્વતંત્ર વિચાર એ તો ઘરની શોભા છે. પણ જ્યારે એકબીજાના વિચારો ટકરાય છે ત્યારે અથડામણ ઊભી થાય છે. પોતાના વિચારોને આગ્રહપૂર્વક વળગી રહેવામાં આવે છે અને સામાના વિચારને દબાણપૂર્વક તોડવામાં આવે છે ત્યારે વિચારભેદનો જન્મ થાય છે. આવી પરિસ્થિતિમાં ઘર મંદિર રહેવાને બદલે ગંદકીનો ઉકરડો બની જાય છે. સ્વર્ગ બનવાને બદલે નર્ક જેવી સ્થિતિ ઘરમાં ઊભી થાય છે.

**જીવતાં જો આવડે, તો જાહોજલાલી જિંદગી,**
**જીવતાં ન આવડે, તો પાયમાલી જિંદગી.**

આવી સ્થિતિમાં જીવન જીવવાની સાચી રીત માણસે શીખી લેવી જોઈએ. જીવન જીવતાં જો આવડી જાય તો ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ માણસ સુખનું જીવન જીવી શકે.

**ઘરનેસ્વર્ગબનાવવાની પહેલી ચાવી - સ્વીકારભાવ :** બીજાની ભૂલોને ભૂલો, પોતાની ભૂલોને સુધારો. આપણે તો ઊલટું કરીએ છીએ. પોતાની ભૂલને ઢાંકીએ છીએ, છુપાવીએ છીએ અને બીજાની નાની-નાની ભૂલને પહાડ જેવડી બનાવી દઈએ છીએ. પોતાની પહાડ જેટલી ભૂલને ગણકારતાં પણ નથી. પોતાની ભૂલો છુપાવવાથી ભૂલ છુપાતી નથી, અંદર ને અંદર વિકરાળ રૂપ ધારણ કરે છે. બીજાની ભૂલો જોયા કરવાથી મન ગરીબ બને છે, ઘરમાં શાંતિનો સૂરજ આથમવા લાગે છે. બીજાની ભૂલોને પ્રગટ ન કરવી એ જીવનનો સંયમ છે અને પોતાની ભૂલને પ્રગટ કરવી એ મનની સરળતા છે. એક સુશીલ યુવકનાં લગ્ન થયાં. ધર્મપત્ની ઘરમાં આવી. નવો સંસાર વસાવવાની તૈયારી શરૂ થઈ. સંયોગની વાત એ કે પતિ જેટલો સુશીલ, પત્ની એટલી જ કુટિલ. કોઈ યુવાન સાથે એને પ્રેમસંબંધ હતો. લગ્ન થયા પછી, પણ આ લફરું ચાલતું રહ્યું. યુવતી પોતાના જૂના પ્રેમીને મળવાની ઈચ્છા રાખતી, પણ અવસર ન મળતો. પતિને ખ્યાલ નહોતો કે પત્નીનું આવું નાટક ચાલે છે. એણે તો વિચાર્યું : ''પત્ની મારી પ્રાણથી પણ પ્યારી છે. મારા માટે મરી છૂટવાવાળી છે.' આપણે જેટલી ઊંચી ધારણાઓ રાખીએ છીએ, એટલો જ વધારે ધોખો ખાઈએ છીએ. કોણ કોને પ્યારું છે? પોતાનાથી વધુ પ્યારું સંસારમાં બીજું કોઈ નથી. પતિ અંદર-અંદર ચિંતાતુર છે.

એક દિવસ પતિને ગંધ આવી ગઈ, પતિને સંદેશો આવી ગયો : ''કંઈક ગરબડ લાગે છે. સંભવ છે કે મારી કંઈક ભૂલ હોય.'' એક દિવસ બહારગામ જવાનું બહાનું કરી તેણે પત્નીને કહ્યું: ''હું કાલે આવી જઈશ.'' અને પતિ ઘેરથી રવાના થયો.

પત્નીને મોકો મળ્યો. તેણે પોતાના પ્રેમીને ફોન કરી ઘરે બોલાવ્યો. પ્રેમી સમયસર આવી પહોંચ્યો. બન્ને રૂમમાં વાતો કરવા લાગ્યાં. પ્રેમી રાત્રે ત્યાં જ ઊંઘી ગયો. મધરાતે એનો પતિ પાછો ફર્યો. પત્ની દરવાજો બંધ કરવાનું ભૂલી ગઈ હતી. પતિ આવીને જુએ છે : બેડરૂમમાં તેની પત્ની એના પહેલાંના પ્રેમી સાથે સૂતી છે. તેને બહુ દુઃખ થયું. પોતે ઓઢેલી શાલ કાઢીને એ બન્નેનાં શરીર પર ઢાંકીને ત્યાંથી એ ચાલ્યો ગયો. સવારે પત્ની ઊઠી ત્યારે તેને ખ્યાલ આવ્યો :

''આ શાલ તો મારા પતિની છે. અહીં ક્યાંથી ? એમણે અમને ઓઢાડી લાગે છે.''

પતિ બીજા દિવસે ઘેર આવ્યો. પ્રેમી ભાગી ગયો હતો. પત્નીએ વાતનો ખુલાસો કર્યો નહિ. પતિએ પણ કંઈ ન કહ્યું. તે પોતાની પત્નીને એ બાબતે દુ:ખી કરવા માગતો ન હોતો. પત્ની મનમાં ડરે, ભયભીત થાય. એક દિવસ પતિ બીમાર પડ્યો. પત્ની બાજુમાં બેસીને રડતી હતી. પત્નીને રડતી જોઈ, પતિએ કહ્યું : ''રડવાની શી જરૂર છે ? રડ નહિ, કેમકે હું રહું ન રહું, પણ તને પ્રેમમાં કોઈ ખોટ નહિ પડે.''

પત્ની સમજી ગઈ. તેણે કહ્યું : પ્રાણનાથ! તમારી વાત સાચી છે. તમારી દૃષ્ટિએ મને ફરક નથી પડવાનો, પરંતુ એક વાતનો ફરક પડશે. ''દેખે કો અનદેખા'' કરનેવાલે આપ હૈં. ઉઘાડીને ઢાંકવાવાળા તમે છો. તમારા જેવા પતિ મળવા ત્રણ કાળમાં દુર્લભ છે, માટે રડું છું. સંસારમાં પ્રેમ તો કોઈને પણ મળી શકે છે, પણ ઉઘાડીને ઢાંકવાવાળા મળવા મુશ્કેલ છે. પતિએ કહ્યું : ''ભૂલી જા. જે થઈ ગયું તે થઈ ગયું.''

ભૂલ કરવી ઈન્સાનનો સ્વભાવ છે, ભૂલનો સ્વીકાર કરવો એ દેવતાનો સ્વભાવ છે અને ભૂલ કરીને ફરી ભૂલ ન કરવી એ ઈશ્વરનો સ્વભાવ છે. પોતાના ગુણોથી પત્નીના અવગુણોને ઢાંકી દીધા - અ પતિની વિશેષતા છે. આપણે તો બીજાના ગુણો ઢાંકતાં રહ્યાં અને અવગુણો પ્રગટ કરતાં રહ્યાં. જીવનની મહાનતા એમાં છે કે બીજાની ભૂલને ઢાંકો અને તમારી ભૂલોને ખુલ્લી કરો. કમ સે કમ બીજાના દોષો તો ન જ પ્રગટ કરીએ. આ મર્યાદા માણસે જાળવવાની છે.

માનવી પોતાને ઊંચો બતાવવા અને સામેની વ્યક્તિને હલકી સાબિત કરવા માટે બીજાની ભૂલોને મરીમસાલા નાખી વધારે રસપ્રદ બનાવતો જોવા મળે છે. આવા સ્વભાવથી સાવધ રહેજો. તેનાથી તમારું જીવન તો બરબાદ થશે જ, બીજાના જીવનમાં પણ આગ લાગશે.

આપણે બીજાની ભૂલો શા માટે કાઢીએ છીએ? એક કારણ સ્પષ્ટ છે : આપણે કોઈ પણ વ્યક્તિને તે જેવી છે તેવી નથી સ્વીકારતા. આપણને એમાં નાના-મોટા ફેરફારો કલ્પવાનો ખૂબ ઉત્સાહ હોય છે. તમારા ગમા-અણગમા તમારી અંગત બાબત છે. એ કોઈના પર ઠોકી ન બેસાડાય. એમ કરવાથી સંબંધોમાં તનાવ આવે છે, તિરાડ પડે છે, વેર, વિરોધ અને વિવાદની આગ સળગે છે. બીજા લોકો આપણી મરજી પ્રમાણે ન વર્તે અને એ કારણે જો આપણને ક્રોધ આવે તો એ આપણી સમસ્યા છે, બીજાની નહિ.

કોઈપણ સંબંધ સંપૂર્ણતઃ સ્વીકાર માગે છે. જે જેવું છે તેને એવું જ રહેવા દઈને જો સ્વીકારી શકાય તો સંબંધોમાં મધુરતા સદાને માટે જળવાઈ રહેશે.

તમે તમારા બોસ સાથે કે બસના કંડક્ટર સાથે કે સિનેમા જોવા જાઓ ત્યારે ડૉરકીપર સાથે ઝઘડો છો? નહિ. શા માટે? કારણ કે તેઓ બહુ દૂરના છે. એમની સાથે તમારે જીવનના થોડા જ કલાકો વિતાવવાના હોય છે. અને બીજું એ કે દૂરના હોવાથી એમની સાથે તમે સારો વ્યવહાર એટલા માટે કરો છો કે ત્યાં તમારી પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. નજીકના સાથે ખરાબ વર્તન કરવાનું કારણ એ છે કે ત્યાં પ્રતિષ્ઠાનો પ્રશ્ન નથી. પ્રતિષ્ઠા બાકી બચી હોય તો એની ચિંતા હોય ને ! નજીક રહેવાથી એકબીજાની કમજોરીઓ અને ભૂલો જોવાની ટેવ પડી જાય છે. આવી ટેવ સંબંધોમાં સંઘર્ષ અને અશાંતિ ઊભાં કરે છે.

જે તમારી સૌથી નજીકનાં છે, જીવનનો મોટો ભાગ તમારે જેમની સાથે વિતાવવાનો છે. એમની સાથે તમે શા માટે કડવાશ ઊભી કરો છો ? જેમને તમે સૌથી વધુ ચાહો છો, એમને જ તમે સૌથી વધુ દુઃખ પહોંચાડો છો. આ ક્યારેય સમજાયું છે તમને ? તમારી વાણી, તમારું વર્તન જેમને માટે સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે, એ જ લોકો તમારા દ્વારા સૌથી વધુ તકલીફ સહન કરે છે.

**(વધુ આવતા અંકે)**

વેદો અને ઉપનિષદો માં ધર્મનો અર્થ છે 'ધારણ કરવું'. ધર્મ એ સદાચાર અને નૈતિકતા ની પરિભાષા છે. ધર્મને જીવનનાં કર્તવ્યો, અધિકારો, નિયમો, આચરણ, ગુણો, અને ''સાચી રીતે જીવવા '' સાથે જોડી શકાય. સંસ્કૃત લખાણોમાં વ્યાપકપણે, ધર્મને એ સિદ્ધાંતો, મૂલ્યો અને નિયમોની એ પદ્ધતિ તરીકે દર્શાવવામાં આવ્યો છે, જે કુદરતી રીતે જીવન અને વિશ્વનું સંતુલન જાળવી રાખે. ધર્મ જીવન જીવવાની એ પધ્ધતિ છે જે નૈતિકપણે, કાનૂની પણે અને આધ્યાત્મિક રીતે માનવજાતિને આગળ વધારે. ધર્મની પરિભાષા, ધર્મની આડમાં પોતાના ધંધા ચલાવતા ફેરિયાઓએ ફુલાવેલી નાનપતા કરતાં ઘણી મોટી છે. ધર્મ કોઈ ચોક્કસ ધાર્મિક વિધાનોથી વધુ, સત્ય, ન્યાય, કર્તવ્ય અને નૈતિક મર્યાદાઓનો સમૂહ છે. જે વ્યક્તિ અને સમાજ બંને માટે યોગ્ય છે.

પ્રાચીન સમયગાળામાં, જ્યારે માનવ જાતિએ સમાજરચના ની શરૂઆત કરી, ત્યારે જીવન જીવવાનાં વિવિધ પાસાઓ ને સુવ્યવસ્થિત બનાવવા માટે નિયમો અને માર્ગદર્શક સિદ્ધાંતો ની જરૂરિયાત ઉભી થઈ. મૂળભૂત એવા આ નિયમો વગર આજે પણ આ કાળા માથાનો માનવી વાનર જ હોત. સમાજનાં ઉપલા વર્ગે (મોટેભાગે બ્રાહમણો એ) પ્રાકૃતિક નિયમો, અવલોકનો, તર્ક અને અનુકૂળતાના આધારે આ નિયમોની રચના કરી. આ મૂળભૂત નિયમો ને નૈતિક અને ધાર્મિક સિદ્ધાંતો જોડે સાંકળવામાં આવ્યા. સામાન્ય જનતા માં સિદ્ધાંતો નો અવિરત પ્રચાર કરવા માં આવ્યો. પરિણામે એક વ્યવસ્થાનું સર્જન થયું સમાજની રચના થઈ. કબીલાઓમાં રહેતાં માનવી એ હવે હજારોની સંખયામાં, સામ્રાજ્યો માં રહેવાની શરૂઆત કરી.

ધર્મ નાં મૂળમાં માનવ જાતિ નો બેચેનતા અને અનિશ્ચિતતાનું નિવારણ કરવાનો પ્રયાસ છે. ધર્મ વિના બધા પોતપોતાની મનમાની અને બળ-જબરદસ્તી થી કામ કરશે, જે વ્યવસ્થાને હચમચાવી મૂકશે. આ જ ધર્મનો હેતુ છે - સામાજિક વ્યવસ્થામાં નૈતિકતા, સંવેદના અને પરોપકારીતા, જેની મદદથી સમાજમાં સમૃધ્ધિ અને સમાનતા કેળવાઈ રહે.

ધર્મ એ સદા વિકસતી પ્રક્રિયા છે. સમય અને યુગની સાથે ''જીવન જીવવાની રીત' પણ વિકસતી રહી છે, અને સદા વિકસતી રહેવી જોઈએ. ધર્મને ''સમાજને સાથે રાખવાના'' ધોરણ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. ધાર્મિક સિદ્ધાંતો એ માનવજાતિના સામુહિક ભલાઈ માટેના કાર્ય પ્રવાહો છે. જો જૂના અને પૌરાણિક ધર્મનાં સિદ્ધાંતોને વળગી રહેવામાં આવે તો એ સમાજના વિકાસમાં અડચણ રૂપ પણ બની શકે છે. ધર્મ અને માનવજાતિ નો સંબંધ એવો છે કે જેથી તે, માનવજાતિને જીવનનાં ઉદ્દેશ્ય અને કર્તવ્યો વિશે વિચારવા પ્રેરણા આપે, માનવજાતિનાં સંરક્ષણ અને સ્થિરતા માટે સિદ્ધાંતો આપે, અને સાથે સાથે માનવજાતિની પ્રગતિ માટે મોકળાશ આપે.

**धर्मः सत्यमयो नित्यः धर्मो धर्मेण साध्यते।**
**धर्मो युगानुसारिणः स्यात् लोको हितकारी च॥**

શાશ્વતકાળથી ધર્મ એ સત્યનું આચરણ શીખવે છે. ધર્મનાં અનુકરણનું યુગ અનુસાર બદલાવું એ લોકોના હિત માટે અનિવાર્ય છે. અસ્તુ. જય શ્રી સચ્ચિદાનંદ. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ધર્મજ, તા. પેટલાદ, સ્વ. નગીનભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.૮૫) સંવત ૨૦૮૦ ભાદરવા વદ-૧૦ ને શુક્રવાર તા. ૨૭-૦૯-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

## શ્રી વામન જયંતી

ભાસ્કર લાઠીયા

**महाजनो येन गतः सः पन्थः।**

ભારત એ સમગ્ર વિશ્વનો ગુરુ છે. તેથી જ અહીંયા માર્ગદર્શન કરવા માટે ઈશ્વરે અવતાર ધારણ કરીને આવવું પડયું.જયારે પણ પૃથ્વીમાં પાપ વધે અને સજ્જનોની મહેનતને રાક્ષસો નકામી બનાવવા લાગે ત્યારે સજ્જનોનું રક્ષણ કરવા માટે, દુષ્ટોને મૃત્યુદંડ આપવા માટે અને ધર્મની સ્થાપના કરવા માટે ઈશ્વર અહીં અવતાર લઈને આવે છે. તેમનો પ્રાકટ્ય દિવસ એ આપણા માટે બહુ મોટો ઉત્સવ કહેવાય. એટલા માટે જ આપણે શ્રી રામ નવમી, શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉજવીએ છીએ.

વિષ્ણુના ચોથા અવતાર એટલે નૃસિંહ, જે પ્રહ્લાદના પિતા હતા, તે પ્રભુભક્ત પ્રહ્લાદનો પુત્ર એટલે વિરોચન અને વિરોચનનો પુત્ર એટલે બલિ. બલિએ ઘણા યજ્ઞો કર્યા, પણ તેના માટે બધા બ્રાહ્મણોને તેણે રોકી રાખ્યા, તેથી બ્રાહ્મણ ફરતો બંધ થયો. વિચાર આપવાનું કામ બ્રાહ્મણનું છે, તે સમાજમાં ફરતો બંધ થાય એટલે સમાજમાં સાત્વિકતા ઘટવા લાગે, વિચારોનું મહત્વ ઓછું થઈ જાય તેથી અન્ય ત્રણેય વર્ણો પણ પોતાનું કર્તવ્ય કર્મ છોડી દે. ત્યારે સમાજ આખો અધપતિત થાય. એ સમયે ધર્મની સ્થાપના કરવા માટે ભગવાને અવતાર લીધો એ વામન અવતાર.

વામન બ્રાહ્મણના વેશમાં બલિ રાજાને ત્યાં ગયા, ત્યારે દૈત્યગુરુ શુક્રાચાર્ય બલિને યજ્ઞમાં હોમ કરાવતા હતા. યજ્ઞ પુરો થયા પછી દાન આપવાનો સમય થયો ત્યારે વામને બલિ પાસેથી ત્રણ ડગલા ભૂમિ માંગી. તે બે ડગલામાં જ વામને આખી પૃથ્વી અને આકાશ લઈ લીધા, તો ત્રીજું ડગલું ક્યાં મૂકવું? એ પ્રશ્નના ઉત્તરમાં બલિએ પોતાનું મસ્તક આગળ કરીને તેના પર ત્રીજું ડગલું મુકાવ્યું, ત્યારે વામને ભાર આપીને બલિને પાતાળમાં મોકલી દીધો. આ કથા આપણને ખ્યાલ છે. તેનો ગૂઢાર્થ આપણે જોઈએ.

વામને ત્રણ ડગલાં માંગ્યા એટલે (૧) ખાલી હવન કરવાવાળા યજ્ઞ બંધ કરો, કારણ કે બધાં બ્રાહ્મણો એમાં રોકાઈ રહેવાથી સમાજમાંથી તેજસ્વિતા ખલાસ થઈ ગઈ હતી. (૨) ક્ષત્રિયો જડવાદી બની ગયા હતા એ પણ ઈશ્વરનિષ્ઠ બને અને (૩) વૈશ્યો સાત્વિક વૃત્તિના બને, જેમને એવું લાગે કે એમનો જન્મ ઈશ્વરની સૃષ્ટિનું પોષણ કરવા માટે થયો છે. આવું તારા રાજ્યમાં હોવું જોઈએ, એવી માંગણી બલિ પાસે વામને કરી છે. બલિ ભક્ત હતો પણ એણે ચાતુર્વણ્યને કચડી નાખ્યોં તેથી તેના મસ્તક પર વામને પગ મૂકીને તેને પાતાળવાસી બનાવી દિધો અને બલિનું રક્ષણ કરવાની જવાબદારી સ્વીકારી. સૃષ્ટિમાં વર્ણવ્યવસ્થા એ પ્રાકૃતિક જ છે, તેને બગાડવી એ ઈશ્વરનો વિદ્રોહ કરવા જેવું કાર્ય છે, એ સંદેશ વામને જગતને આપ્યો છે. ■

રજૂકર્તા : પાયલબેન સંદિપભાઈ વઘાસીયા (રાજસ્થળી)

### કીર્તન

આજે અખંડ અજવાળા મારા ઉરમાં રે (૨)
સાચા મળ્યા ગુરુદેવ,
અખંડ અજવાળા મારા ઉરમાં રે
આજે જ્ઞાન ગુરુજીએ આપીયા રે
ઓળખાવ્યો આતમરામ,
અખંડ અજવાળા મારા ઉરમાં રે
આજે જ્યોતો ઝળકે છે નિજ નામની રે
ગુરુ ગમથી સમજાય,
અખંડ અજવાળા મારા ઉરમાં રે
આજે હરિ ગુરુ સંતો ને સેવતા રે
દર્શન દીધા આપોઆપ,
અખંડ અજવાળા મારા ઉરમાં રે
આજે અણુ રે અણુમાં ગુરુજી બોલતા રે
બોલે બાવન બાર,
અખંડ અજવાળા મારા ઉરમાં રે
આજે ગુરુ માધવના ચરણે રે
સેવક ગુણગાય,
અખંડ અજવાળા મારા ઉરમાં રે
આજે અખંડ અજવાળા મારા ઉરમાં રે

**રજૂકર્તા : રીતાકા હરેશભાઈ** (પાલડી)

## જીવન કેવું હોવું જોઈએ ?

પીનલ એચ. પટેલ (ચમારડી)

**''જીવન સુંદર બનાવું તો તુજને ગમે।**
**ખુદ ખીલુને ખીલાવું તો તુજને ગમે ॥''**

આપણું જીવન એ ઈશ્વરે આપેલી અમૂલ્ય ભેટ છે. તો આ ભગવાને આપેલું જીવન આપણે કેવું બનાવવું જોઈએ. જેમ અગરબત્તી ખુદ બળીને સુગંધ પાથરે છે. જેમ વૃક્ષ તડકામાં તપીને થાકેલા માનવને છાંયડો આપે છે તેવી જ રીતે દરેક માણસે પોતાનું જીવન સુંદર બનાવવું જોઈએ. જો આપણે આપણું જીવન સુંદર બનાવવું હોય તો જીવનમાં સત્સંગ લાવવો જરૂરી છે. આપણા જીવનમાં સત્સંગ લાવશું અને બીજા આપણા ગુરુ ભાઈઓને પણ સત્સંગમાં જોડશું તો ઈશ્વર જરૂરથી ખુશ થશે. આપણે સત્સંગ સ્વચ્છતા અને ઐક્ય નિર્માણ કરવાં જોઈએ. જે બીડીના ધૂમાડા કાઢે છે. તેને જો બીડી છોડાવવી છે તો એ કામ 'સ્વામીજી' કહે છે સત્સંગ કરવો પડે. નીતિમતા પણ સત્સંગથી આવવી જોઈએ.

ગુરુ કહે છે પુનર્જન્મનો વિચાર હમણાં આઘો રાખીએ અને હાલનું જીવનને સત્સંગરૂપી દરિયામાં નવડાવીએ. આજની પેઢી તો વિચારતી જ નથી. તેના માટે વિચાર કરવો નકામો છે. તેને તો ફક્ત રોટલી, રમત અને સિનેમા કરતાં વધારે કશું જોઈતું નથી. તેઓ पश्यति इति पशुः – સ્થૂલ ઈન્દ્રિયોને ખબર પડે છે, તેટલું જ માને છે. બીજુ કંઈ માનતા નથી.

જેમ આપણને ગુલાબનું ફૂલ ખીલેલું ગમે છે તેવી જ રીતે ભગવાનને પણ બાળપણ અને યુવાનીમાં જ પ્રભુ સત્સંગ કરીએ એ ગમે છે.

**સુખ દુઃખ તો જીવનમાં તડકો ને છાંયો,**
**ઈશ્વર સદાયે જેમ પડછાયો.**
**એવા આશ્વાસન એક નહી હજાર છે.**
''શ્રીમદ્ ભગવત ગીતા'' માં જીવનનો સાર છે.■

## શ્રધ્ધાંજલિ




**પ.પૂ. સ્વામીશ્રી દેવાનંદસાગરજી મહારાજ**

વૈદિક સનાતન ધર્મના દશનામી સંન્યાસી પરંપરાના પ.પૂ. સ્વામીશ્રી દેવાનંદસાગરજી મહારાજ (ઉંમર વર્ષ ૧૦૫) સંવત ૨૦૮૦ શ્રાવણ વદ અમાસને સોમવાર તા. ૨-૯-૨૦૨૪ના રોજ બ્રહ્મલીન થયા હતા.


તેઓશ્રીએ પરમ પૂજ્ય અનંત શ્રી વિભુષિત શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના વરદહસ્તે સંન્યાસ દિક્ષા ગ્રહણ કરી હતી. તેઓશ્રીને વિધિ પ્રમાણે ચાણોદ ધામમા નર્મદા કિનારે સંતો-મહંતો, મહાત્માઓ તથા ધર્મપ્રેમી સેવક સમુદાયની ઉપસ્થિતિમાં જળ સમાધિ આપવામાં આવી હતી તેમજ તેઓશ્રીના ષોડશી ભંડારો સંવત ૨૦૮૦-ભાદરવા વદ-૧ ને ગુરૂવાર તા. ૧૯-૯-૨૦૨૪ના દિવસે ચાણોદ ધામમાં શ્રીમાધવાનંદ આશ્રમમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો. તો આ પ્રસંગે સંતો, મહંતો, વેદ રહસ્ય કમિટિ, સેવક સમુદાય શ્રદ્ધાંજલી અર્પે છે.

**● ષોડશી ભંડારાના સૌજન્ય ●**

શ્રી વશરામભાઈ પ્રાગજીભાઈ અણઘણ (નવા નાવડા)
શ્રી ભગવાનભાઈ લક્ષ્મણભાઈ મોણપરા (નવા નાવડા)
શ્રી ઘનશ્યામભાઈ છગનભાઈ ઈટાળીયા (ભીમનાથ)
શ્રી ધીરજલાલ ગણેશભાઈ બોઘરા (પીપરીયા)




પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજશ્રી



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રી



॥ કૃષ્ણં વન્દે જગદ્ગુરૂમ્ ॥



॥પ્રવકતાશ્રી ॥

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**નિગમ કલ્પતરોર્ગલિતં ફલં શુકમુખાદમૃતદ્રવ સંયુતમ્ । પિબત ભાગવતં રસમાલયં મુહુરહોરસિકા ભુવિ ભાવુકાઃ ॥**

જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે, પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી તેમજ કરૂણાનિધાન પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી** ની અમીદ્રષ્ટિથી તેમજ બ્રહ્મલીન પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સચ્ચિદાનંદ સ્વરૂપ **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી**ના આશીર્વાદથી **ઓઝરાળા ગામની શિવોહંપુરી પવિત્ર ભૂમિ પર માનવ જન્મ સાર્થક કરનારી અમારા પિતૃઓના મોક્ષાર્થે સંવત ૨૦૮૧ કારતક સુદ-ત્રીજને સોમવાર તા.૪-૧૧-૨૦૨૪ના શુભ દિવસે ભક્તિ વિરક્તિ ભગવત્પ્રબોધના અદ્દભુત જ્ઞાન ભંડાર સમી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવાનું અમને સદ્દભાગ્ય સાંપડ્યુ છે.**

## ✻ વ્યાસપીઠ પર બિરાજશે ✻

જેના શબ્દે-શબ્દમાં સાચો જ્ઞાનમાર્ગ નિતરે છે એવા પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી માધવપીઠાધિશ્વર **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી** વ્યાસપીઠ પર બીરાજી કર્મ, ભકિત અને જ્ઞાન થી ભરપુર સરળ ગુજરાતી ભાષામાં રસપાન કરાવશે તો તેમાં સહભાગી થવા, જીવ-જગત-જગદીશનો સંબંધ સમજાય અને જીવન સચ્ચિદાનંદમય બને તેવી પવિત્ર ભાવના સાથે દિવ્ય મંગલમય અવસર પર જ્ઞાનગંગાનો લાભ લેવા આપ સૌને ભવરોગ વિનાશીની ભાગવત કથામાં પધારવા સ્વ. રામભાઈ દેસાઈભાઈ પટેલ પરિવારનું હાર્દિક નિમંત્રણ છે.

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં સંત મહાત્માઓ પણ પધારશે અને દર્શન, સત્સંગનો લાભ આપશે.**

## ✻ કથાના અલૌકિક પાવન પ્રસંગો ✻

| :: પોથીયાત્રા :: | :: કથા પ્રારંભ :: | :: શ્રીકૃષ્ણ જન્મોત્સવ :: | :: પૂર્ણાહુતિ :: |
|---|---|---|---|
| કારતક સુદ ત્રીજ ને<br>સોમવાર, તા. ૦૪/૧૧/૨૦૨૪<br>બપોરે ૨:૦૦ કલાકે | કારતક સુદ ત્રીજ ને<br>સોમવાર, તા. ૦૪/૧૧/૨૦૨૪<br>સાંજે ૪:૦૦ કલાકે | કારતક સુદ સાતમ ને<br>શુક્રવાર, તા. ૦૮/૧૧/૨૦૨૪<br>સાંજે ૪:૦૦ કલાકે | કારતક સુદ નોમ ને<br>રવિવાર, તા. ૧૦/૧૧/૨૦૨૪<br>સાંજે ૫:૦૦ કલાકે |

**કથાનો સમય :- સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૫.૩૦ સુધી**

**શ્રી ગુરૂગીતાનો પાઠ : સવારે ૬.૦૦ કલાકે કથા સ્થળે થશે.**

**મહાપ્રસાદ : દરરોજ બપોરે ૧૨:૧૫ કલાકે તથા સાંજે ૭:૦૦ કલાકે.**

**સંપર્ક મો. : ૯૭૨૭૦ ૭૮૪૧૧, ૯૯૭૮૯ ૦૩૨૩૫**

**નિમંત્રક : શ્રી દિપકભાઈ રાવજીભાઈ પટેલ - શ્રી પરેશભાઈ રાવજીભાઈ પટેલ**
**તથા સમસ્ત રામભાઈ દેસાઈભાઈના પરિવાર**

**કથા સ્થળ : શિવોહંપુરી સત્સંગ હોલ, મુ.ઓઝરાળા, તા. ઠાસરા, જિ. ખેડા.**

શ્રીમદ્ ભાગવત સપ્તાહ રૂપી જ્ઞાનગંગાનો શુભારંભ બ્રહ્મલીન પ.પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રીની મહંતિ અનુકંપા થી તથા પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી ઓજરાળા ગામની બાજુના દાજીપુરા ગામના સૌ સેવક સમુદાયના જીવનને સચ્ચિદાનંદ બને તેવા પવિત્ર ભાવ સાથે દાજીપુરા મુકામે નવનિર્મિત શ્રી માધવાનંદ આશ્રમનું લોકાર્પણ તથા સદ્‌ગુરુવર્યના ફોટાનું અનાવરણ. તથા

સ્વ. રાવજીભાઈ રામભાઈ પટેલ (તત્કાલીન ટ્રસ્ટી-ચાણોદ આશ્રમ)ના સ્મરણાર્થે શિવોહંપુરીના પાદરે સદ્‌ગુરુવર્ય સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજને સ્મરણાંજલિરૂપે સ્વ. રાવજીભાઈના સુપુત્રો દિપકભાઈ તથા પરેશભાઈ દ્વારા નવનિર્મિત ''અખંડ આનંદ પ્રવેશ દ્વાર''નું સમગ્ર ગ્રામજનોને અર્પણ કરવાનું આયોજન રાખેલ છે.

**: લોકાર્પણ :**

**શ્રી માધવાનંદ આશ્રમ**

મુ. દાજીપુરા, લાડવેલ ચોકડી પાસે,
કપડવંજ મેઈન રોડ,
તા.૪-૧૧-૨૦૦૨૪, સવારે ૯:૦૦ કલાકે.


**: લોકાર્પણ :**

**અખંડ આનંદ પ્રવેશદ્વાર**

મુ. ઓજરાળા
તા.૪-૧૧-૨૦૨૪
સવારે ૧૦:૩૦ કલાકે.

પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રીના કરકમળો દ્વારા ઉપરોક્ત લોકાર્પણ કરવામાં આવશે તો આ પ્રસંગે સર્વોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

---



## શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ-અધેવાડા આયોજીત

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ - પ્રયાગરાજ (ન્યુ ઝુંસી)

**પ્રવક્તા : પરમ પૂજ્ય બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય**

કથા પ્રારંભ : સંવત ૨૦૮૧ ફાગણ સુદ ૦૭ ને ગુરુવાર તા. ૦૬-૦૩-૨૦૨૫ સવારે ૮:૦૦ કલાકે.

કથાનો સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૩૦

કૃષ્ણ જન્મોત્સવ : સંવત ૨૦૮૧ ફાગણ સુદ - ૧૨ સોમવાર તા. ૧૦-૦૩-૨૦૨૫, બપોરે ૧૨:૦૦.

કથા પૂર્ણાહુતિ : સંવત ૨૦૮૧ ફાગણ સુદ ૧૩ બુધવાર તા.૧૨-૦૩-૨૦૨૫, બપોરે ૧૨:૩૦.

**ખાસ નોંધ : જેને પ્રયાગરાજ (ન્યુ ઝુંસી) કથામાં જવું હોય તેને ટ્રેનની ટિકીટ બુક કરાવવા માટે આટલો આગળથી પ્રોગ્રામ જાહેર કરવામાં આવેલ છે.**

**ભાવનગરથી યાત્રા પ્રસ્થાન :** તા.૦૪-૦૩-૨૦૨૫ ભાવનગર સાંજે ૪:૩૦ કલાકે પ્રયાગરાજ ટ્રેનમાં જવાનું રહેશે.

**સુરતથી યાત્રા પ્રસ્થાન :** તા.૦૪-૦૩-૨૦૨૫ સમય સવારે ૬ કલાકે ટ્રેન દ્વારા સુરત થી પ્રયાગરાજ.

**પ્રયાગરાજ (ન્યુ ઝુંસી)થી પરત યાત્રા સુરત :** તા.૧૩-૦૩-૨૦૨૫ સવારે ૬.૦૦ કલાકે.

**પ્રયાગરાજ (ન્યુ ઝુંસી)થી પરત યાત્રા ભાવનગર :** તા.૧૪-૦૩-૨૦૨૫ સવારે ૪.૦૦ કલાકે.

શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન અધેવાડા ગામમાં શ્રી માધવાનંદ આશ્રમ બનાવવાના લાભાર્થે રાખેલ છે.

કથાસ્થળ : શ્રી યોગાનંદ આશ્રમ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, સ્વામીશ્રી શિવોહંસાગર અન્નક્ષેત્ર, રેલ્વે પુલની બાજુમાં, ન્યુ ઝુંસી, પ્રયાગરાજ, ઉત્તર પ્રદેશ, ફોન : ૦૫૩૨-૨૫૬૮૯૪૯, મો. ૦૯૮૩૯૬ ૪૩૭૮૨


નિમંત્રક : સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ - અધેવાડા, તા. જી. ભાવનગર, મુ. અધેવાડા

ભાવનગર સંપર્ક : ખોડાભાઈ ગણેશભાઈ સાચપરા - મો. ૯૮૭૯૬ ૨૫૯૧૧, ૯૯૯૮૧ ૯૭૫૫૨

સુરત સંપર્ક : પરશોત્તમભાઈ ત્રિભુવનભાઈ ગાંગાણી - મો. ૯૮૨૫૫ ૭૩૦૧૭, ૯૭૨૩૨ ૮૪૨૨૭

## સત્સંગ સમાચાર

### પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો અમેરિકા તથા ભારતનો કાર્યક્રમ



- ૦૩-૧૦-૨૦૨૪ ખડોળ (હળદરી) પધારશે.
- ૦૫-૧૦-૨૦૨૪ ચાણોદ પધારશે.
- ૧૨-૧૦-૨૦૨૪ સુરત પધારશે. (દશહરા)
- ૧૭-૧૦-૨૦૨૪ શરદ પૂર્ણિમા મહોત્સવ પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સુરતના આંગણે શ્રી માધવાનંદ આશ્રમ તાપી કિનારે ધામધૂમથી ઉજવાશે.
- ૧૮-૧૦-૨૦૨૪ સુરત થી ચાણોદ પધારશે.
- ૨૧-૧૦-૨૦૨૪ નવા નાવડા પધારશો.
- ૨૪-૧૦-૨૦૨૪ ચાણોદ પધારશે.
- ૩૦-૧૦-૨૦૨૪ દિવાળી તેમજ ૨૦૮૧ નૂતનવર્ષ (બેસતુ વર્ષ) મહોત્સવ માઁ નર્મદા મૈયાની ગોદમાં - ચાણોદ મુકામે શ્રી અખંડ આનંદ ધામમાં પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.
- ૦૩-૧૧-૨૦૨૪ ઓઝરાળા પધારશે.
- ૦૪-૧૧-૨૦૨૪ થી તા. ૧૦-૧૧-૨૦૨૪ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ - ઓઝરાળા.
- ૧૧-૧૧-૨૦૦૪ પાલડી પધારશે.
- ૧૨-૧૧-૨૦૦૪ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં, સંતોની તેમજ ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં ૧૦-મી પદયાત્રા પાલડી ગામથી સવારે ૮.૩૦ કલાકે પ્રસ્થાન થશે નાના સુરકા થઈ ને પીપળીયા ‘‘અખંડ જીવન જ્યોત’’ ધામના દર્શન કરશે. આ પદયાત્રાનો લાભ લેવા સૌ સેવક ભાઈ-બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.
- ૧૪-૧૧-૨૦૨૪ ભાવનગર પધારશે.
- ૧૬-૧૧-૨૦૨૪ સવારે આકરૂ પધારશે. સાંજે પરત ભાવનગર પધારશે.
- ૧૮-૧૧-૨૦૨૪ સુધી ભાવનગર સત્સંગનો લાભ આપશે.
- ખાસ નોંધ : પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીના કાર્યક્રમમાં સંજોગોવસાત ફેરફાર થાય તો તેમનો સંપર્ક કરી દર્શન કરવા જવું.

Website - https://sachchidanandmadhavanand.org/

whatsapp ગ્રુપમાં જોડાવા માટે મોબાઈલ નંબર પર
hi મોકલો - 7096802813


Youtube channel - Sachchidanand madhavanand દરેક કથાઓ તથા કાર્યક્રમો ઓનલાઇન/ઓફલાઇન નિહાળવા માટે ચેનલ સબસ્ક્રાઇબ કરો



























સૌજન્ય

સ્વ. રામુબેન લવજીભાઈ ભરોડિયા - પાલડી (હાલ સુરત)

# આનંદ એક્ષપોર્ટ પરિવાર

Printed Book

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2025
POSTRAL REGI. NO. SRT-771/2023-25
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH


























**BOOK POST**

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**

**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**

**"વેદ રહસ્ય કાર્યાલય"**

શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ००૪.
ફોન નં.:– ०૨૬૧ ૨૫૩૪૬૧०

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-